


આજે શ્રાવણ સુદ બીજ એટલે ચારણ મહાત્મા ઈસરદાસજીની ૫૬૪મી જન્મજયંતિ

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક
Year:7, Issue: 247 Dt.30-07-2022 (Saturday)
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

### દેશની પ્રથમ ઓલ ઈન્ડિયા ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટીના સેમિનારનો પ્રારંભ



## અન્ડર ટ્રાયલ કેદીઓની મુક્તિ ઝડપી બને તે જરૂરીઃ મોદી

### ટ્રાફિક સહિતના કેસોના નિકાલ માટે ૨૪ કલાક ચાલતી ઈ–કોર્ટ તથા વીડિયો કોન્ફરન્સ મારફત સુનાવણી પ્રક્રિયા અમલમાં મુકાશે

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૩૦

દેશમાં ઈઝ ઓફ લીવીંગ, ઈઝ ઓફ બિઝનેસની માફક ઈઝ ઓફ જસ્ટીસ પણ જરૂરી હોવાનું જણાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના લોકો ન્યાયતંત્ર પર એટલે ભરોસો રાખે છે કે આ વ્યવસ્થા મારફત તેમના અધિકારોનું રક્ષણ થઈ રહ્યું છે અને આ વિચાર સાથે જ રાષ્ટ્રીય કાનુની સેવા ઓથોરીટીની રચના કરવામાં આવી હતી જેના કારણે નબળા વ્યક્તિને પણ ન્યાયનો અધિકાર મળી શકે.

મોદીએ દેશમાં ઈ–કોર્ટ મિશન મારફત વર્ચ્યુઅલ કોર્ટ પણ શરૂ કરવામાં આવી રહી છે. ઉપરાંત ટ્રાફિક નિયમોના ભંગ માટે ૨૪ કલાક ચાલતી કોર્ટ પણ શરૂ કરવામાં આવી રહી છે અને લોકોની સુવિધા માટે આ કોર્ટમાં વીડિયો કોન્ફરન્સ સહિતની સુવિધા હશે જેને કારણે અદાલતના ધકકાથી બચી શકાશે.

આજે નવી દિલ્હીમાં દેશની પ્રથમ અખિલ ભારતીય જીલ્લા ન્યાયીક સેવા ઓથોરીટી સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી.રમણા અને કેન્દ્રીય કાનૂન મંત્રી કિરણ રિજજૂ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મોદીએ ઈઝ ઓફ જસ્ટીસના પ્રથમ તબકકામાં દેશની જેલોમાં હાલ જે લાખો અન્ડર ટ્રાયલ કેદીઓ છે અને તેમના ન્યાયી અને મુક્તિની પ્રક્રિયા ઝડપી બનાવવા અનુરોધ કર્યો હતો. મોદીએ જણાવ્યું કે, દેશમાં લાખો લોકો એવા છે કે જે કાનૂની મદદની રાહ જુએ છે અને જીલ્લા અદાલતો સહિતના મારફત આ અન્ડર ટ્રાયલ કેદીઓને કાનૂની મદદ મળવી જોઈએ.

મોદીએ કહ્યું કે જીલ્લા ન્યાયમૂર્તિઓના અધ્યક્ષ પદ હેઠળની કમીટી અન્ડર ટ્રાયલ કેદીઓના કેસની સમીક્ષા કરીને તેમની ઝડપી મુક્તિ માટે આગળ વધી શકે છે. આ ઉપરાંત વડાપ્રધાને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાને પણ આ મુદ્દે ધારાશાસ્ત્રીઓની સેવા ઉપલબ્ધ બનાવવા અપીલ કરી હતી. મોદીએ કહ્યું કે આ સમય આપણી આઝાદીના અમૃત કાળનો સમય છે અને તમામ સારા સંકલ્પોનો સમય છે. જે દેશને ૨૫ વર્ષમાં નવી ઉંચાઈએ લઈ જઈ શકે અને તેમાં ન્યાયતંત્રમાં આસાની એ સૌથી વધુ આવશ્યક બાબત છે. મોદીએ જણાવ્યું કે છેલ્લા આઠ વર્ષમાં દેશની ન્યાયીક સિસ્ટમને મજબૂત કરવા માટે અત્યંત તેજ ગતિથી કામ થયું છે.(૯)

## ઉત્તરપ્રદેશના બાંદામાં ઈનોવા કાર અને ઓટો વચ્ચે અકસ્માતઃ ૬ના મોત

### ૭ લોકો ગંભીર ઘાયલઃ ટક્કર એટલી જોરદાર હતી કે ઘટના બાદ બંને વાહનો ઉડી ગયા



**(એજન્સી સમાચાર)**

ઉત્તરપ્રદેશ, તા.૩૦

ઉત્તર પ્રદેશના બાંદામાં એક SUV કાર અને ઓટો વચ્ચે ટક્કર થઈ. આ અકસ્માતમાં ૬ લોકોના મોત થયા છે, જ્યારે ૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત એટલો ભયંકર હતો કે પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. કેટલાક મૃતદેહો ઓટોમાં ફસાઈ ગયા હતા, જેને ભારે મુશ્કેલીથી બહાર કાઢવામાં આવ્યા હતા. શુક્રવારે સાંજે બાંદાના ગીરવાન બસ સ્ટેન્ડ પાસે ઓટો અને ઈનોવા વચ્ચે આ ટક્કર થઈ હતી, જેમાં ઓટોમાં સવાર અડધો ડઝન મુસાફરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ઘાયલો પૈકી બેની હાલત નાજુક હોવાનું કહેવાય છે. મૃતકોમાં સાત અને ૧૦ વર્ષના બે બાળકો પણ સામેલ છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે ટક્કર એટલી જોરદાર હતી કે ઘટના બાદ બંને વાહનો ઉડી ગયા હતા. મૃતકોના મૃતદેહો વાહનોમાં ફસાઈ ગયા હતા, જેમને બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં પોલીસ પહોંચી અને બચાવ કાર્ય શરૂ કર્યું. અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈનોવા અને ઓટો વચ્ચે સીધી ટક્કર થઈ હતી. ડ્રાઈવર ઘટનાસ્થળેથી નાસી ગયો હતો, જે બાદમાં પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે અને ઘાયલોને મેડિકલ કોલેજમાં મોકલવામાં આવ્યા છે.

### નવી શિક્ષણનિતિ થકી રાષ્ટ્રમાં ઈનોવેશન, સ્ટાર્ટઅપ તથા તમામ ક્ષેત્રમાં ભારતને અગ્રેસર બનાવશે

## “MODI@20” પુસ્તક પર યુવાનોને માર્ગદર્શિત કરતા પ્રકાશ જાવડેકર

### નવી રાષ્ટ્રીય શિક્ષા નિતિ–૨૦૨૦ એ દેશના યુવાનોને વૈશ્વિક સ્તરે કુશળ બનાવશેઃ પ્રકાશ જાવડેકરજી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

ભારત સરકારના ભૂતપૂર્વ મંત્રી અને સાંસદ પ્રકાશ જાવડેકર દ્વારા રાજકોટ યુનિવર્સિટીમાં **‘MODI@20’** વિષય પર કહ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ સતત ૨૦ વર્ષથી વધુ સમય સુધી લોકો દ્વારા ચૂંટણી જીતીને સત્તાના વડા બનવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેની વિશેષતા માત્ર સમય જ નથી, પરંતુ લોકતાંત્રિક માર્ગે સતત લોકોનો વધુ પ્રેમ, વધુ વિશ્વાસ અને વધુ મત મેળવવો એ પણ તેની વિશેષતા છે.

વડાપ્રધાન બનતાની સાથે જ સેન્ટ્રલ હોલમાં તેમણે બંધારણના પુસ્તકને નમન કર્યું, સંસદ ભવનનાં પગથિયાં પર માથું ટેકવ્યું, પોતાને વડાપ્રધાન ગણાવ્યા અને અમારી સરકાર ગરીબોને સમર્પિત હશે, આ જાહેરાત તેમની વિચારસરણી દર્શાવે છે.

**‘MODI20’** આ પુસ્તક દરેક ભારતીયે વાંચવું જોઈએ. પુસ્તકની શરૂઆત સ્વર્ગસ્થ લતા મંગેશકરના પરિચયથી થાય છે. સદગુરૂ જગ્ગી વાસુદેવ, નંદન નિલેકણી પી.વી. સિંધુ, અરવિંદ પનાગરિયા, ઉદય કોટક, અનુપમ ખેર, ડો. દેવી શેટ્ટી, સુધા મૂર્તિ, નૃપદ મિશ્રા, અજીત ડોવલ, અમિત શાહ, એસ. જયશંકર, સુરજીત ભલ્લા



વગેરે વિશેષ વ્યક્તિઓના લેખો છે. જેમાં તેઓએ મોદી વિશે લખ્યું છે.સાથે કામ કરતી વખતે જે અનુભવો અને કસોટીઓ આવ્યા તે લખવામાં આવ્યા છે. કસ્તુરબા ગાંધી

(અનુ.પાના નં.૪ ઉપર)

## હવે પોલીસની સાથે જ દોડશે હાઈટેક ફોરેન્સિક ઈનવેસ્ટીગેશન વેન



### ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિ. દ્વારા ૧૦૦ લેન્સ તૈયાર કરાયા

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૩૦

હાલના હાઈટેક સમયમાં ગુન્હો શોધવાની પદ્ધતિ પણ આધુનિક બની છે અને તેમાં ફોરેન્સિક તપાસ એ સૌથી વધુ મહત્વ ધરાવે છે જે સૂક્ષ્મ પુરાવા ને પણ બહાર લાવીને આરોપીને સજા અપાવવામાં જરૂરી છે દેશની સર્વપ્રથમ ગુજરાત ફોરેન્સિક સમન્સ યુનિ. ગાંધીનગર દ્વારા હવે પોલીસ તથા અન્ય તપાસ એજન્સીઓને ગુન્હો ઉકેલવામાં અને પુરાવા સહિતની કામગીરીમાં મદદરૂપ બને તે હેતુથી હવે એક ખાસ હાઈટેક–ઈન્વેસ્ટીગેશન વાન તૈયાર કરી છે.

અનેક વખત પુરાવાનું તાત્કાલીક વિશ્લેષણ થાય કે અપરાધ સ્થળ પર ફોરેન્સિક તપાસ ઝડપી બને તો અપરાધીને ઝડપી પણ ઝડપથી શકય છે અને આ હેતુથી જ ફોરેન્સિક યુનિ. દ્વારા પુરાવા એકત્ર કરવાથી તેનું વિશ્લેષણ થઈ શકે તેવા સાધનોથી સજજ આ ખાસ ઈન્વેસ્ટીગેશન લેન્સ તૈયાર કરાયા છે જે દેશભરમાં પોલીસ વિભાગને આપવામાં આવશે.

આ વેન ગુન્હાના સ્થળે પહોંચીને ફોરેન્સિક સહિતના પુરાવા એકત્ર કરી શકે તે માટે ૧૫ પ્રકારના હાઈટેક સાધનો ધરાવે છે. અનેક પુરાવા એવા હોય છે જેનો ઝડપથી નાશ થઈ શકતો હોય છે અને તેથી આ ફોરેન્સિક ઈન્વેસ્ટીગેશન વેન આ પ્રકારના પુરાવાને એકત્રીત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. દેશમાં હવે ગુન્હેગાર

(અનુ.પાના નં.૪ ઉપર)

## રાજ્યમાં મેઘરાજા વિરામ લેશેઃ આગામી ૫ દિવસ વરસાદ પડવાની શક્યતા નહિવત

**(એજન્સી સમાચાર)**

અમદાવાદઃ હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદ પડવાની શક્યતા નહિવત છે. અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડી શકે છે જ્યારે હાલમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ જોવા મળી રહ્યુ છે. સાંજના સમયે વાવાઝોડાની અસર જોવા મળી શકે છે. જો કે હાલ મેઘરાજાએ ટૂંકો વિરામ લીધો છે, ત્યારે મોટાભાગના શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદે વિરામ લેતા રાહત થઈ છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ ગુજરાતમાં ભારે વરસાદ પડવાની કોઈ સંભાવના નથી. ક્યાંક છૂટા છવાયા ઝાપટા પડી શકે છે. હાલના દિવસોમાં જો કદાચ વરસાદ પડશે તો પણ હળવો ધીમી ધારનો વરસાદ પડશે, તો કેટલાક વિસ્તારોમા વાવાઝોડા જેવી સ્થિતિ પણ જોવા મળશે. જેમા પવન ફુંકાવાની શક્યતા છે.(૯)

## દેશમાં ૭૩ ટકા તરૂણો સોશિયલ મીડિયાના વ્યસનીઃ ૧૦માંથી ૩ ડિપ્રેશનના શિકાર

### સોશ્યલ મીડીયાના નશાગ્રસ્ત યુવાનોમાં ભય, ચિંતા, ચિડીયાપણું

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૩૦

દેશના ૭૩ ટકા જેટલા યુવાઓ માટે આ સોશિયલ મીડિયા એક નશા જેવું બની ગયું છે. જેમાં ૧૦માંથી ૩ લોકો જે ડિપ્રેશનના શિકાર બન્યા છે.

દિલ્હી એમ્સમાં દર શનિવારે કલીનીકમાં સાઈબર બુલીંગના કેસો આવે છે, જેમાં મોટાભાગના છાત્ર-છાત્રાઓ હોય છે. ઓનલાઈન સ્ટડી એન્ડ ઈન્ટરનેટ એડીકશન અધ્યયન અનુસાર ૫૦ ટકાથી વધુ સાયબર બુલીંગના કેસ નોંધાતા જ નથી હોતા, કારણ કે યુવતીઓ પોતાની પરેશાની કોઈને જણાવી નથી શકતી અને ધીરે ધીરે ડિપ્રેશનમાં આવી જાય છે.

આ રોગ બાળકો-કિશોરોમાં પણ વ્યાપી છે. થોડા સમય પહેલા યુપીના દેવરિયામાં પબજી ગેમના શોખીનો સગીરે પોતાના દાદાને ફસાવવા માસૂમ બાળકની હત્યા કરી નાખી હતી. માતા-પિતા મોબાઈલ ન લઈ દે તો



સંતાનો આપઘાત કરી લેતા હોવાના બનાવો પણ બનતા રહે છે.

અભ્યાસો બતાવે છે કે સોશિયલ મીડિયા પર સક્રિય

(અનુ.પાના નં.૪ ઉપર)

## અમદાવાદ અને મુંબઈ વચ્ચે હાઈસ્પીડ વંદેભારત ટ્રેન દોડશે



### દેશમાં ૭૫ સપ્તાહમાં ૭૫ વંદેભારત ટ્રેન દોડાવવા આયોજન

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૩૦

આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે દેશમાં ૭૫ સપ્તાહમાં ૭૫ વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવશે જેમાં ગુજરાત માટે અમદાવાદ–મુંબઈ વચ્ચે વંદેભારત ટ્રેનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સેમી હાઈ સ્પીડ ટ્રેન પ્રતિ કલાક ૧૬૦ થી ૨૦૦ કિ.મી.ની ઝડપે દોડશે અને ચેન્નઈ ખાતેની ફેકટરીમાં વંદેભારત ટ્રેન માટેના કોચ વગેરેનું નિર્માણ શરૂ થઈ ગયું છે.

વંદેભારત એકસપ્રેસ ટ્રેન મુંબઈ અને અમદાવાદ વચ્ચે દોડશે અને તેના સુરત અને વડોદરામાં હોલ્ટ હશે. આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી બપોરે ૨.૪૦ કલાકે રવાના થશે અને અમદાવાદ ખાતે રાત્રે ૯.૦૫ કલાકે આવશે. વળતી જર્નીમાં અમદાવાદમાંથી આ ટ્રેન સવારે ૬.૦૫ કલાકે રવાના થશે અને મુંબઈ તે બપોરે ૧.૩૦ કલાકે પહોંચશે. વંદેભારત ટ્રેન મારફત દેશમાં મુસાફર ટ્રેન વધુ ઝડપથી દોડશે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં મુંબઈ અને પુના રૂટ પર પણ વંદેભારત ટ્રેન દોડશે. જયારે હાલ નવી દિલ્હીથી વારાણસી રૂટ પર આ ટ્રેન દોડી રહી છે.

## બોટાદના ૧૨ પોલીસમેનની જિલ્લા ફેર બદલી

### સજાના ભાગરૂપે બદલી થઈ હોય તેમ બોટાદ LCB-SOGના પોલીસ કર્મીઓને દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર, ડાંગ–આહવા, તાપી–વ્યારા વગેરે જિલ્લામાં મુકાયા

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૩૦

લઠ્ઠાકાંડ બાદ સરકારે બોટાદ જિલ્લા પોલીસ અને અમદાવાદ ગ્રામ્ય પોલીસના ઉચ્ચ અધિકારીઓની બદલી અને સસ્પેન્ડના પગલાં લીધેલા, ત્યારે હવે બોટાદના ૧૨ પોલીસમેનની જિલ્લા ફેરબદલી થઈ છે. સજાના ભાગરૂપે બદલી થઈ હોય તેમ દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર, ડાંગ-આહવા, તાપી - વ્યારામાં બદલીઓ કરાઈ છે. આ પોલીસ કર્મીઓ બોટાદ એલસીબી અને એસઓજીમાં ફરજ બજાવતા હતા.

આઈએસઆઈ ક્રિપાલસિંહ દોલુભા ઝાલાને છોટાઉદેપુર, વનરાજભાઇ વિશુભાઇ બોરીયાને બનાસકાંઠા, કિરણસિંહ ધીરુભા દાયમાને વલસાડ, ઇન્દ્રજીતસિંહ ધનશ્યામભાઇ મોરીને નવસારી, નિકુંજભાઇ ગોરધનભાઇ ડાભી સુરત ગ્રામ્ય, વિજયભાઇ ભુપતભાઈ ધરજીયાને ભરૂચ, હેડ કોન્સ્ટેબલ ભાર્ગવભાઈ કાલીદાસ રામાનુજને દાહોદ, જયેશભાઇ ગભરૂભાઇ ધાધલને પશ્ચિમ કચ્છ ભુજ, લગધીરસિંહ અજીતસિંહ ચુડાસમાને ડાંગ આહવા,




પ્રધુમનસિંહ દાનસિંહ વાળાને તાપી વ્યારા, પૃથ્વિરાજસિંહ પ્રતાપસિંહ જાદવને પંચમહાલ અને લોક રક્ષક એલઆરડી નિલેશભાઈ શામજીભાઈ ગલથરાને મહીસાગર મુકાયા છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્કાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

## ઉત્તરથી દક્ષિણના રાજ્યોમાં મેઘો જામ્યોઃ સાર્વત્રિક વરસાદ

### હિમાચલ, પંજાબ, હરિયાણા, દિલ્હી, પશ્ચિમ બંગાળ, બિહાર, રાજસ્થાન, કર્ણાટક, ઓડિશામાં મેઘમહેર



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી,તા. ૩૦

ગુજરાત જેવા રાજ્યોમાં વરસાદી વિરામ વચ્ચે દિલ્હી, બિહાર, રાજસ્થાન સહિતના અનેક રાજ્યોમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો હતો. પાટનગર દિલ્હી તથા એનસીઆરમાં વરસાદી રેલમછેલને પગલે હવામાન ખુશનુમાં બન્યું હતું અને લોકોને ગરમી-બફારામાંથી રાહત મળી હતી.

કર્ણાટકના અનેક ભાગોમાં ભારે વરસાદ વચ્ચે મેંગ્લોર જેવા ભાગોમાં જળબંબાકારથી શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. મીની વાવાઝોડા સાથે ભારે વરસાદ ખાબકયો હતો. બિહારમાં પણ એકધારા વરસાદનો દોર જારી રહ્યો હતો. પટણા, ચંપારણ જેવા ભાગોમાં સારો વરસાદ થયો હતો. રાજસ્થાનમાં ભારે વરસાદમાં જળમગ્ન બની રહ્યું છે. જયપુર,જોધપુર, હનુમાનગઢમાં ભારે વરસાદ પડ્યો હતો. હિમાચલ પ્રદેશ, હરિયાણા, કોલકતા સહિત પશ્ચિમ બંગાળ, પંજાબ, રાજસ્થાન, છતીસગઢ, મધ્યપ્રદેશ તથા ઓડિશામાં હળવો મધ્યમ વરસાદ થયો હતો. ઉતરાખંડમાં તંત્ર દ્વારા ભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.(૯)



સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play SK NEWS સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

## WhatsApp કરો
### તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

ઈન્ડિયા ટીવીના સર્વે પ્રમાણે NDAને ૩૬૨, -UPAને ૯૭, અન્યોને ૮૪ સીટ મળી શકે

# અત્યારે લોકસભાની ચૂંટણી થાય તો NDA જ જીતે

## વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી જ ૪૮ ટકા લોકોમાં હોટ ફેવરીટ, રાહુલ ગાંધીને ૧૧ ટકા લોકો જ કરે છે પસંદ

## ગુજરાતમાં સંસદની તમામ ૨૬ બેઠકો પર ભાજપ (એનડીએ)નો ભવ્ય વિજય થાય એવું સર્વેનું તારણ



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૩૦

હાલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. પણ જો અત્યારે લોકસભાની ચૂંટણી યોજાય તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળનું રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન (NDA) લોકસભાની કુલ ૫૪૩ બેઠકોમાંથી ૩૬૨ બેઠકો પર જંગી જીત નોંધાવી શકે છે. ઈન્ડિયા ટીવી-મેટ્રિક્સ ન્યૂઝ કોમ્યુનિકેશન દ્વારા રાષ્ટ્રવ્યાપી ઓપિનિયન પોલમાં આ તારણ આવ્યું છે. 'દેશ કી આવાઝ' નામના આ ઓપિનિયન પોલના પરિણામો ઈન્ડિયા ટીવી પર પ્રસારિત કરવામાં આવ્યા હતા.

આ સર્વે અનુસાર જો અત્યારે લોકસભાની ચૂંટણી યોજાય તો કોંગ્રેસના નેતૃત્વમાં સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ)ને માત્ર ૯૭ બેઠકો જ મળે તેવી શક્યતા છે. બીજી બાજુ, 'અન્ય', જેમાં પ્રાદેશિક પક્ષો અને અપક્ષોનો સમાવેશ થાય છે, ૮૪ બેઠકો જીતી શકે છે. આ સર્વે અનુસાર જો હવે લોકસભાની ચૂંટણી યોજાય તો એનડીએને ૪૧ ટકા વોટ મળવાની ધારણા છે, યુપીએને ૨૮ ટકા અને નઅન્યથને ૩૧ ટકા વોટ મળી શકે છે. તેવું સર્વેમાં જણાયું છે.

આ સર્વેમાં રાજયો અનુસાર સીટોની જે વિગતો સામે આવી છે તે ખૂબ જ રસપ્રદ છે. સૌથી વધુ વસ્તી ધરાવતા ઉત્તર પ્રદેશમાં (NDA) ૮૦માંથી ૭૬ બેઠકો જીતે તેવી શક્યતા છે. યુપીએ અને અન્યને માત્ર બે બેઠકો મળવાનો અંદાજ છે. (NDA) બિહારની કુલ ૪૦ લોકસભા સીટોમાંથી ૩૫ સીટો જીતી શકે છે, જયારે (UPA) ૫ સીટો જીતે તેવી ધારણા છે. મહારાષ્ટ્રમાં એનડીએ લોકસભાની કુલ ૪૮ બેઠકોમાંથી ૩૭ બેઠકો જીતી શકે છે, જયારે વિપક્ષી પાર્ટીઓ બાકીની ૧૧ બેઠકો જીતી શકે છે.

તમિલનાડુમાં, ડીએમકેની આગેવાની હેઠળની સત્તારૂઢ યુપીએ રાજયની કુલ ૩૯ લોકસભા બેઠકોમાંથી ૩૮ બેઠકો જીતે તેવી શક્યતા છે, જયારે બાકીની એક બેઠક એનડીએને જાય તેવી અપેક્ષા છે. જયારે (LDF) શાસિત રાજય કેરળમાં બિન-ભાજપ વિપક્ષ તમામ ૨૦ લોકસભા બેઠકો જીતી શકે છે. (TMC) શાસિત પશ્ચિમ બંગાળમાં, લોકસભાની કુલ ૪૨ બેઠકોમાંથી, મમતા બેનજીર્ની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસને ૨૬ બેઠકો, (NDA) ના ખાતામાં ૧૪ બેઠકો અને (UPA) અને બે બેઠકો મળવાની સંભાવના છે.

સર્વેમાં જયારે લોકોને વડાપ્રધાન પદ માટે તેમની પ્રથમ પસંદગી વિશે પૂછવામાં આવ્યું તો ૪૮ ટકા લોકોએ કહ્યું કે તેઓ નરેન્દ્રભાઇ મોદીને ફરીથી વડાપ્રધાન તરીકે જોવા માંગે છે. મોદી પછી ૧૧ ટકા લોકોએ રાહુલ ગાંધીને પસંદ કર્યા છે. મમતા બેનર્જી માટે ૮ ટકા, સોનિયા ગાંધી માટે ૭ ટકા, માયાવતી માટે ૬ ટકા અને અરવિંદ કેજરીવાલ માટે ૫ ટકા પીએમ તરીકે તેમની પ્રથમ પસંદગી છે. જયારે નીતિશ કુમાર ૪ ટકા, કે. ચંદ્રશેખર રાવ ૩ ટકા અને પ્રિયંકા વાડ્રા ૨ ટકા માટે પીએમ તરીકે પ્રથમ પસંદગી છે.

જયારે તેમને પૂછવામાં આવ્યું કે મોદીના સૌથી મજબૂત રાજકીય હરીફ કોણ છે, ૩૨ ટકા ઉત્તરદાતાઓએ રાહુલ ગાંધીનું સમર્થન કર્યું જયારે ૧૯ ટકાએ અરવિંદ કેજરીવાલને પસંદ કર્યા. ૧૧ ટકા લોકોએ મમતા બેનજીર્ને સમર્થન આપ્યું, ૮ ટકા લોકોએ સોનિયા ગાંધીને અને ૮ ટકા લોકોએ નીતીશ કુમારનું સમર્થન કર્યું. ઈન્ડિયા ટીવી-મેટ્રિક્સ ઓપિનિયન પોલ 'દેશ કી આવાઝ' માટે સર્વેનું કામ ૧૧ જુલાઈથી ૨૪ જુલાઈની વચ્ચે કરવામાં આવ્યું હતું. આ સર્વે દેશના ૫૪૩ સંસદીય મતવિસ્તારોમાંથી ૧૩૬માં કરવામાં આવ્યો હતો. આ માટે ૩૪ હજાર લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેમાં ૧૯,૮૩૦ પુરૂષ અને ૧૪,૧૭૦ મહિલાઓ હતા.

### સર્વેક્ષણ એજન્સી દ્વારા આપવામાં આવેલી રાજયવાર વિગતો

| | |
|---|---|
| ગુજરાતઃ કુલ બેઠકો-૨૬, NDA-૨૬, UPA-૦ | JK, લદ્દાખઃ કુલ બેઠકો-૬, NDA-૩, UPA-૦, અન્ય-૩ |
| મહારાષ્ટ્રઃ કુલ બેઠકો-૪૮, NDA-૩૭, UPA-૧૧ | દિલ્હીઃ કુલ સીટો-૭, NDA-૭, UPA-૦, અન્ય-૦. |
| ગોવાઃ કુલ બેઠકો-૨, NDA-૨ | ઉત્તર પ્રદેશઃ કુલ બેઠકો-૮૦, NDA-૭૬, UPA-૨, અન્ય-૨ |
| રાજસ્થાનઃ કુલ સીટો-૨૫, NDA-૨૫ | ઉત્તરાખંડઃ કુલ બેઠકો-૫, NDA-૫, UPA-૦ |
| મધ્ય પ્રદેશઃ કુલ બેઠકો-૨૯, NDA-૨૮, UPA-૧ | તેલંગાણાઃ કુલ બેઠકો-૧૭, NDA-૬, UPA-૨, અન્ય (TRS સહિત)-૯ |
| છત્તીસગઢઃ કુલ સીટો-૧૧, NDA-૧૦, UPA-૧ | આંધ્ર પ્રદેશઃ કુલ બેઠકો-૨૫, NDA-૦, અન્ય (વાયએસઆર કોંગ્રેસ સહિત)-૨૫ |
| પશ્ચિમ બંગાળઃ કુલ બેઠકો-૪૨, NDA-૧૪, UPA-૨, અન્ય (TMC)૨૬ | કર્ણાટકઃ કુલ સીટો-૨૮, NDA-૨૩, UPA-૪ અન્ય-૧ |
| બિહારઃ કુલ સીટો-૪૦, NDA-૩૫, UPA-૫ | તમિલનાડુઃ કુલ બેઠકો-૩૯, NDA-૧, UPA (DMK સહિત)-૩૮, અન્ય-૦ |
| ઝારખંડઃ કુલ સીટો-૧૪, NDA-૧૩, UPA-૧ | કેરળઃ કુલ બેઠકો-૨૦, NDA-૦, UPA-૨૦, અન્ય-૦ |
| ઓડિશાઃ કુલ બેઠકો-૨૧, એનડીએ-૧૧, યુપીએ-૨, અન્ય (બીજેડી સહિત)-૮ | ત્રિપુરાઃ કુલ બેઠકો-૨, NDA-૨, UPA-૦. |
| હિમાચલ પ્રદેશઃ કુલ બેઠકો-૪, NDA-૪ | આસામઃ કુલ બેઠકો-૧૪, NDA-૧૧, UPA-૧, અન્ય-૨ |
| પંજાબઃ કુલ બેઠકો-૧૩, NDA-૩, UPA-૩, અન્ય (AAP સહિત)૭ | ઉત્તર-પૂર્વ રાજયોઃ કુલ બેઠકો-૯, NDA-૭, UPA-૧, અન્ય-૧ |
| હરિયાણાઃ કુલ બેઠકો-૧૦, NDA-૯, UPA-૧ | અન્ય કેન્દ્રશાસિત પ્રદેશોઃ કુલ બેઠકો-૬, NDA-૪, અન્ય-૦ |

# ઓલ ઈન્ડિયા ચેમ્પિયનશીપ સીરિઝ યોજાઈ

## ૭ રાજયોના ખેલાડીઓએ ભાગ લીધો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

રાજકોટ ખાતે રેસકોર્ષમાં આવેલ ટેનીસ ગ્રાઉન્ડમાં ઓલ ઈન્ડીયા ચેમ્પિયનશીપ સીરીઝ બોયઝ અને ગર્લ્સ અન્ડર ૧૬નું આયોજન કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટમાં અલગ અલગ ૭ રાજયોના ખેલાડીઓ એ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં ગર્લ્સ અન્ડર ૧૬ માં વિજેતા ધનવી કાલે, પ્રાચી રાણા અને બોયસમાં જેવીન કાનાણી, આંકાક્ષ સુબ્રમુનીયમ થયેલ, ડબલ ૧૬ ગર્લ્સમાં ફાઈનલ વિજેતા નિત્યા રાવ, વર્તીકા મિસ્ત્રી તથા રનર અપ વિજેતા ધનવી કાલે અને હિરવા રંગાણી, ડબલ્સ ૧૬ બોયસમાં ફાઈનલ વિજેતા જેવીન કાનાણી અને નીલ પરમાર જયારે રનર અપ વિજેતા અક્ષત સુબ્રમુનીયમ અને આંકાક્ષ સુબ્રમુનીયમ થયેલ. આ ટુર્નામેન્ટનું આલીયા ટેનિસ એકેડમીના ભાવેશ રંગાણી, વર્ષા રંગાણી અને વિકી સૌમયા, સુરભ રઘુવંશી દ્વારા કરવામાં આવેલ.

આ ટુર્નામેન્ટમાં ફાઈનલ ઈનામ વિતરણ કાર્યક્રમમાં રાજકોટના ચીફ. જજ એસ.એસ. કાલે તથા એસ.જે.પંચાલ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના હસ્તે ટુર્નામેન્ટમાં વિજેતા થયેલ રમતવીરોને પ્રોત્સાહીત કરેલ હતા તેમ જણાવ્યું છે.

### કેન્દ્રીય મંત્રી તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રીનું સ્વાગત કરતા મિરાણી સહિતના અગ્રણીઓ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

કેન્દ્રીય મંત્રી પુરૂષોતમભાઈ રૂપાલા તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર રાજકોટ મહાનગર ખાતે એક કાર્યક્રમમાં પધાર્યા ત્યારે રાજકોટ એરપોર્ટ ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મેયર ડો.પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, મનીષ ભટ્ટ સહિતના અગ્રણીઓ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

અખિલ ભારતીય બૌધ્ધ ધમ્મ સંઘ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ

# કાલે ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ



'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા અખિલ ભારતીય બૌદ્ધ ધમ્મ સંઘ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના આયુ. શાંતાબેન મકવાણા, ખોડાભાઈ પારધી, સંગઠન મંત્રી મગનભાઈ પરમાર, જાગૃતિબેન એડવોકેટ, સધીવ દિલીપભાઈ સોલંકી, બીજલભાઈ મકવાણા, બાબુભાઈ મકવાણા, કરશનભાઈ મકવાણા, ગુજરાત પ્રદેશ પ્રમુખ દેવશીભાઈ દાફડા, હિંમતભાઈ, તુલસીભાઈ મકવાણા, અસ્મિતા ગઢિયા, મીનાક્ષીબેન પરમાર, રમેશભાઈ ચાવડા, હિરાભાઈ ચાવડા, ડાયાભાઇ તસ્વીરમાં નજરે પડે છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

અખિલ ભારતીય બૌદ્ધ ધમ્મ સંઘ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આવતીકાલે તા.૩૧ ને રવિવારે સવારે ૮:૩૦ કલાકે ડો.બાબાસાહેબ આંબેડકર હોલ દાસીજીવણપરા રાજકોટ ખાતે ધો.૧૦ અને ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

અખિલ ભારતીય બૌદ્ધ ધમ્મ સંઘ ટ્રસ્ટ દ્વારા દરવર્ષે છેલ્લા ઘણા વર્ષોથી વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાનાં રાષ્ટ્રીય પ્રમુખ આયુ. શાંતાબેન મકવાણા, ખોડાભાઈ પારધી, સંગઠન મંત્રી મગનભાઈ પરમાર, જાગૃતિબેન એડવોકેટ, સધીવ દિલીપભાઈ સોલંકી, બીજલભાઈ મકવાણા, બાબુભાઈ મકવાણા, કરશનભાઈ મકવાણા, ગુજરાત પ્રદેશ પ્રમુખ દેવશીભાઈ દાફડા, હિંમતભાઈ, તુલસીભાઈ મકવાણા, અસ્મિતા ગઢિયા, મીનાક્ષીબેન પરમાર, રમેશભાઈ ચાવડા, હિરાભાઈ ચાવડા, ડાયાભાઇ અને અન્ય સમાજ અગ્રણીઓ તેમજ ટ્રસ્ટી મંડળના સહયોગથી કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી છે. આ સન્માન સમારોહમાં પધારવા અખિલ ભારતીય બૌદ્ધ ધમ્મ સંઘ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આમંત્રણ અપાયું છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

હેમુગઢવી હોલ ખાતે આજે મલ્ટી ટેલેન્ટ શોનું આયોજન

# પુજા હોબી સેન્ટરના ૩૫૦ થી વધુ બાળકો ૨૫ કૃતિ રજૂ કરશે

## દોઢથી પંદર વર્ષના બાળકો આગવી શૈલીમાં પોતાની કલા દ્વારા સમાજને સુંદર મેસેજ પાઠવશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

આજે તા.૩૦ શનિવારે રાત્રીના ૮ કલાકે હેમુગઢવી હોલમાં મલ્ટી ટેલેન્ટ શો-૨૦૨૨ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૩૫૦ થી વધારે બાળકો તથા ૬૦ થી વધારે મમ્મીઓ સ્ટેજ પર અવનવી ૨૫ કૃતિ રજૂ કરશે. જેમાં આરતી, ફેન્સીડ્રિસ, મોડેલીંગ, આલુ કા ચાલુ, રાધે રાધે, સામી સામી, સુપર કિડઝ, યુએટ સિકવન્સ, ચક દે ઈન્ડીયા, બમ બમ બોલે, કોરોના કોરોના, તારા રમ પમ પમ, આર્ટીસ્ટીક ગાઈડ, ચક દમ દમ, તારેં આસમાંકે, ટોબેકો, બેટીયા, એક્રોબેટીક જીમ્નાસ્ટીક, બ્રાઈડલ ફેશન વોક, જુમ્બા, આર યુ રેડી, જમે રે ગોરી, સુપર કિડઝ જુનિયર, ડોલા રે ડોલા, મમ્મી-ડેડી અને માતા-પિતાને સમર્પિત કૃતિઓ હશે.

સૌથી વિશેષ આકર્ષક ૩૫ થી વધારે બ્રાઈડલ રેમ્પવોક કરી વેસ્ટર્ન - ટ્રેડીશનલ અને ઓરીજનલ બ્રાઈડના શણગાર કરી સ્ટેજ પર આવશે . આ ઉપરાંત જીમ્નાસ્ટીકમાં ૩૫ થી વધારે બાળકો ઈન્ટરનેશનલ લેવલના એક્રોબેટીક લેવલનું જીમ્નાસ્ટીક- યોગા અને હલ્લાહુપની કૃતિ રજૂ કરશે.

૪૦ થી વધારે બાળકો સ્કેટીંગ પર આર્ટીસ્ટીક તથા વેસ્ટર્ન કૃતિ રજૂ કરશે. આ ઉપરાંત દોઢ થી ૧૫ વર્ષ સુધીના બાળકો વિશેષ મેસેજ જેમકે તમાકુ છોડો - બેટી બચાવો પર્યાવરણ બચાવો - પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરો જેવા અસંખ્ય સારા વિચાર લઈને બાળકો સુંદર મેસેજ આપશે.

દોઢથી ૧૦ વર્ષ સુધીના ૫૦ થી વધારે બાળકો વેસ્ર્ટન તથા ટ્રેડીશનલ કપડા પહેરીને મોડેલીંગ કરશે. આ ઉપરાંત ડાન્સમાં વેસ્ર્ટન - ફીલ્મી-ફોક- હીપહોપ-સાલ્સા-કન્ટેમ્પરરી- રોબેટીકની અવનવી આ ઉપરાંત હીપહોપ કૃતિઓ રજૂ કરશે. આમંત્રિતો તથા મહેમાનોના સંગાથે આ એક અનોખો ટેલેન્ટ શો યોજાવાનો છે. પુજા હોબી સેન્ટર છેલ્લા ૩૦ વર્ષથી અનેક પ્રોગ્રામ બાળકો માટે કરે છે.

તદ્ઉપરાંત આ ભવ્ય શો માં રાજકોટના મહાનુભાવોના હસ્તે જીમ્નાસ્ટીક - ડાન્સીંગ- સ્કેટીંગ - યોગા તથા હુલ્લાહુપમાં નેશનલ તથા ઈન્ટરનેશનલ લેવલે મેડલ મેળવનારા બાળકોનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પુજા હોબી સેન્ટર તથા પોદાર જમ્બો કીડસ અક્ષરમાર્ગ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

# હડમતીયા બેડી પાસે આકાર પામેલા શિવધામમાં મહારૂદ્ર યજ્ઞનો પ્રારંભ

## સંજયભાઈ રાજગુરૂ કોલેજ કેમ્પસમાં ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમો શરૂઃ સોમવારે પ્રાણપ્રતિષ્ઠા, સાંસ્કૃતિક કાર્યક્રમ, મહાપ્રસાદ અને લોકડાયરો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

રાજકોટની તદ્દન નજીક હડમતીયા બેડી પાસે આવેલી સંજયભાઈ રાજગુરૂ કોલેજના કેમ્પસમાં આકાર પામેલા શિવધામમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો વૈદિક મંત્રોચ્ચાર સાથે પ્રારંભ થઈ ગયો છે જે આજથી ૩ દિવસ સુધી ચાલુ રહેશે આ શિવધામમાં ગુજરાતનાં સૌથી મોટા અને એક માત્ર ૧,૧૧, ૧૧૧ રૂદ્રાક્ષથી બનાવવામાં આવેલા ૨૮ ફૂટના શિવલિંગ અને બાર જયોતિર્લિંગની સ્થાપના કરવામાં આવી છે. શિવધામમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત પહેલા દિવસે આજે ૨૧ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા ગગન ભેદી વૈદિક મંત્રોચાર સાથે લઘુરૂદ્ર યજ્ઞનો પ્રારંભ થયો છે. હજુ આવતીકાલે પણ આ યજ્ઞ ચાલુ રહેશે અને પછી સોમવારે પ્રાણપ્રતિષ્ઠા, મહાઆરતી, સાંસ્કૃતિક કાર્યક્રમ અને લોકડાયરો તથા મહાપ્રસાદ જેવા કાર્યક્રમો યોજાશે.

ઈન્દ્રનિલ રાજગુરૂએ કહ્યું હતું કે, આજથી શરૂ થયેલા આ ધાર્મિક કાર્યક્રમો ત્રણ દિવસ સુધી ચાલશે અને ત્રીજા દિવસે એટલે કે શ્રાવણ માસના પહેલા સોમવારે પ્રાણ પ્રતિષ્ઠા થશે. આવતીકાલે તા. ૩૧ને રવિવારે સવારે પ્રાણ પ્રતિષ્ઠાની ધાર્મિક વિધિ કરવામાં આવશે. તા.૧ ઓગસ્ટને સોમવારે આખો દિવસના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં સવારે ૯ વાગ્યે પ્રાણ પ્રતિષ્ઠા વિધિ અને સાંજે ૫:૩૦ કલાકે બીડું હોમવામાં આવશે. સાંજે ૬:૩૦ વાગ્યે મહાઆરતીનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ ૮ વાગ્યે મહાપ્રસાદ અને રાત્રે ૧૦ વાગ્યે દેવ ભટ્ટ તથા તેમની ટીમ દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકડાયરામાં પ્રસિદ્ધ લોકકલાકાર ઓસમાણ મીર, સાહિત્યકાર રણજિત વાંક તથા હાસ્ય કલાકાર સુખદેવ ધામેલિયા ઉપસ્થિત રહીને શિવ મહાત્મય રજૂ કરશે. આ તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા અને પ્રાણ પ્રતિષ્ઠાનો લાભ લેવા ઈન્દ્રનિલભાઈ રાજગુરૂ તથા રાજગુરૂ પરિવાર તરફથી રાજકોટના સૌ નગરજનો, ગ્રામ્યજનો, આજુબાજુના શહેરના સ્નેહીજનો, મિત્રોને પરિવાર સહિત હાજર રહેવા અને કાર્યક્રમનો લાવો લેવા હાર્દિક જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.(૧૩)

બીજી ઓગસ્ટે અલગ- અલગ વોર્ડમાં થશે સેવાકાર્યો

# રાજકોટમાં વિજયભાઈ રૂપાણીનો જન્મદિવસ 'સેવાદિન' તરીકે ઉજવાશે

## પુજીત રૂપાણી ટ્રસ્ટ સહિતની સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણીનો બીજી ઓગસ્ટે જન્મદિવસ છે ત્યારે આ દિવસને સેવાદિન તરીકે ઉજવી સમાજના દરેક વર્ગ માટે સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન રાજકોટની વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે.

રાજકોટમાં પૂજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના ભવન ખાતે સાંજે ૪ થી ૬, જૈન ફાઉન્ડેશનના સહયોગથી વાંચવાના (બેતાલા) ચશ્માનું વિતરણ કરશે. સ્ટ્રીટ ચિલ્ડ્રન, ઓપન હાઉસ તથા જ્ઞાનપ્રબોધિનિ પ્રોજેક્ટની દીકરીઓને રાખડી વિતરણ કરવામાં આવશે. મંદબુદ્ધિના બાળકો સાથે વોર્ડ નં.૧૦માં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વોર્ડ નં.૧ અને મહિલા મોરચા દ્વારા શ્યામનગર, ૧૫૦ ફૂટ રીંગરોડ ખાતે ૪૦ વર્ષથી મોટી ઉંમરની મહિલાઓ માટે મેમોગ્રાફી તથા સોનોગ્રાફી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રોટરી મિડટાઉન ડાયાબીટીસ સેન્ટર ખાતે વિનામૂલ્યે ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ચિલ્ડ્રન હોમ ફોર બોય્સ એન્ડ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સના લાભાર્થી બાળકોને સ્કૂલ બેગ વિતરણ કરવામાં આવશે.

એચ.એન.શુકલા ગ્રુપ ઓફ કોલેજ દ્વારા હોમિયોપેથી તથા આયુર્વેદિક નિદાન કેમ્પ રાખવામાં આવ્યો છે. વોર્ડ નં.૭ ભાજપ અને સેલ્ફ ફાઇનાન્સ કોલેજ એસોસિએશન બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવશે. વોર્ડ નં.૧ ભાજપ દ્વારા સદ્ભાવના વૃદ્ધાશ્રમના બપોરે ૧૨ વાગ્યે આશરે ૧૫૦ જેટલા વૃદ્ધોને પણ ભાવતું ભોજન પીરસવામાં આવશે. વોર્ડ નં.૨ ભાજપ દ્વારા શાળા નં.૫૬ ખાતે બાળકોને સ્ટેશનરી કીટ આપવામાં આવશે. છોટુનગર મફતીયપરાની આંગણવાડીમાં બાળકોના આધાર કાર્ડ કાઢવાનો કેમ્પ ગોઠવેલ છે. ભાજપ લીગલ સેલ દ્વારા સાંજે દીકરાનું ઘર ઢોલરા ખાતે જમણવાર કરાવવામાં આવશે.

ભાજપ યુવા મોરચા દ્વારા માનવ મંદિર ત્રંબા ખાતે મંદબુદ્ધિના બાળકોને નાસ્તો કરાવવામાં આવશે. રમણીકબા કુંવરબા વૃદ્ધાશ્રમ ખાતે બપોરે વૃદ્ધોને જમાડવામાં આવશે. મિલનભાઈ કોઠારી દ્વારા નમ્રમુનિ રથ તથા બોલબાલા દ્વારા અન્નરથ થકી ભૂખ્યાઓની જઠરાગ્નિ ઠારવામાં આવશે. કિશાન ગૌશાળા ખાતે અન્નકોટ ધરવામાં આવશે. વોર્ડનં.૩ વિજયભાઇ રૂપાણી ફેન કલબ દ્વારા અનાજ કીટનું વિતરણ કરવામાં આવશે. સોઢા નર્સિંગ સ્કૂલ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ કરવામાં આવશે. વોર્ડ નં.૭ ભાજપ દ્વારા પંચનાથ મંદિર ખાતે બ્રાહ્મણોને જમાડવામાં આવશે.

વોર્ડ નં.૮ના ભાજપ કાર્યકરો દ્વારા આંગણવાડીઓમાં બાળકોને ભોજન પીરસવામાં આવશે. વોર્ડ નં.૯ ભાજપ દ્વારા સ્નેહનિર્જર બાળકોની સંસ્થામાં આઈસ્ક્રીમ ખવડાવવામાં આવશે. વોર્ડ નં.૧૦ ભાજપના સહયોગથી મંદબુદ્ધિના બાળકોને બાલભવન ખાતે રાઈડસનું મનોરંજન કરાવવામાં આવશે. ભૂપેન્દ્ર રોડ પર બાલાજી મંદિર દ્વારા વિજયભાઈ રૂપાણીના દીર્ઘાયું માટે યજ્ઞનું પણ આયોજન કર્યું છે. જયારે ગજાનન ધામ સમિતિ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

# દીકરાનું ઘર વૃધ્ધાશ્રમમાં કાલે કાવ્ય-ગોષ્ઠિ

### જાણીતા કવિ કૃષ્ણ દવેનું સાહિત્ય સેતુ સંસ્થા દ્વારા ભવ્ય સન્માન પણ કરવામાં આવશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ-ઢોલરા પ્રેરિત સાહિત્યક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા અમરેલીના પનોતાપુત્ર ગુજરાતી કવિતાનું મોરપીછ એવા રીઝર્વ બેંકમાં ફરજ બજાવતા કવિ કૃષ્ણ દવેની દીકરાનું ઘર વૃધ્ધાશ્રમના વડીલો સાથે કાવ્ય ગોષ્ઠિનું વિશિષ્ટ આયોજન તા.૩૧ રવિવારના રોજ સવારના ૧૦ થી ૧૨ સુધી દીકરાનું ઘરના ઓડીટોરિયમમાં કરવામાં આવેલ છે.આ સાહિત્યીક કાર્યક્રમ ડો.પ્રકાશ મોડા, માધવ શરાફી સહકારી મંડળીના ડો. એન.ડી.શીલુ, ડો.કેતન બાવીક્ષી, ઉદ્યોગપતિ પ્રતાપભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં સાહિત્ય સેતુ દ્વારા કૃષ્ણ દવેનું કુમ કુમ તિલક કરી, ખેસ પહેરાવી, શ્રીફળ-સાકરનો પડો, પુસ્તક, વિવેકાનંદજીનો ફોટો આપી, સન્માનપત્ર આપી તેમજ શાલ ઓઢાડીને ભાતીગળ તેમજ પરંપરાગત અભિવાદન કરવામાં આવશે. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના મુકેશ દોશી, અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, નલિન તન્ના, સુનિલ વોરા, સુધીર દત, પ્રકાશ હાથી, હસુભાઈ રાચ્છ કાર્યરત છે.

# રાજકોટ જિલ્લામાં જુગારના ૩ દરોડામાં ૯ મહિલા સહિત ૨૮ પત્તા ટીંચતા પકડાયા

## કાંગશીયાળીમાં ફલેટમાં ૯ મહિલા, જસદણના સોમપીપળીયા ગામે ૧૧ અને ગોંડલના કંટોલીયાની સીમમાં જુગાર રમતા ૮ પકડાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ તા. ૩૦

શ્રાવણ મહિનો શરૂ થતા જ જુગારીયાઓ પડમાં આવ્યા હોય તેમ જિલ્લામાં ત્રણ દરોડામાં ૯ મહિલા સહિત ૨૮ શખ્સો પત્તા ટીંચતા પકડાયા હતા.

પ્રથમ દરોડામાં કાંગશીયાળી ગામે રાજપથ એપાર્ટમેન્ટ વીંગ-ઇ ફ્લેટ નં. ૬૦૨માં પુજાબેન આંકોલા જુગાર રમાડતી હોવાની બાતમી મળતા જુગાર રમતા ફલેટ માલીક (૧) પુજાબેન પીયુષભાઇ આકોલા રહે. કાંગશીયાળી (૨) દિવ્યાબેન જીતેન્દ્રભાઇ વિરસોડીયા (૩) મનીષાબેન દિપકભાઇ કણસાગરા (૪) જયશ્રીબેન રવિન્દ્રભાઇ કણસાગરા (૫) પુનમબેન સતીષભાઇ સવાણી (૬) બિંદાબેન શૈલેષભાઇ ગેવળીયા (૭) રેખાબેન પંકજભાઇ વસોયા (૮) ભાવનાબેન પ્રદિપભાઇ જાદવ તથા (૯) રંજનબેન નટવરભાઇ ચોટીલાને રોકડા રૂા. ૨૧,૧૫૦ અને ગંજીપત્ત સાથે ઝડપી લીધા હતા.

બીજા દરોડામાં જસદણના સોમપીપળીયા ગામે શંભુભાઇ દુદાભાઇ સોલંકીના જૂગાર રમાતો હોવાની બાતમી મળતા પીઆઇ કે. જે. રાણાના માર્ગદર્શન હેઠળ નીતેન્દ્રસિંહ જોરાવસિંહ જાડેજા, પો. સબ. જસદણ તથા સ્ટારે રેઇડ કરી જૂગાર રમતા (૧) શંભુ દુદાભાઇ સોલંકી (૨) મુકેશ કુકાભાઇ સાંકળીયા (૩) મુકેશ દેવશીભાઇ દુમાદીયા(૪) જેન્તી જીણાભાઇ ધોરીયા, (૫) જેન્તી ધાખાભાઇ બાવળીયા (૬) વિપુલ હકુભાઇ તાવિયા, (૭) મગન બેચરભાઇ ડેરવાળીયા (૮) રવજી રઘુભાઇ મેર, (૯) સમશેર મહોમ્મદ શેખ, (૧૧) હરજી બચુભાઇ ધોરીયાને રોકડા રૂા. ૫૪૯૬૦ તથા ગંજીપતા સાથે ઝડપી લીધા હતાં.

ત્રીજા દરોડોમાં રૂરલ ક્રાઇમ બ્રાંચના પી. આઇ. વી. વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ કિશોર ભીખાભાઇ રીબડીયા રહે. કંટોલીયા ગામ તા. ગોંડલ વાળો પોતાના કબ્જા ભોગવટાની ગોંડલ તાલુકાના કંટોલીયા ગામની સીમમાં આવેલ વાડીના મકાનમાં બહારથી માણસોને ભેગા કરી જૂગારનો અખાડો ચલાવતા જુગાર રમતા આઠ ઇસમોને કુલ રોકડ રકમ રૂા. ૭૬,૧૦૦ સહિત કુલ રૂા. ૧,૧૬,૧૦૦ ના મુદામાલ સાથે પકડી પાડેલ છે. પકડાયેલ શખ્સોમાં (૧) કિશોર ભીખાભાઇ રીબડીયા જાતે (૨) કિરીટ રવજીભાઇ ખુંટ (૩) શૈલેષ હીરાભાઇ ટારીયા (૪) અશોક ભગવાનજીભાઇ રીબડીયા (૫) અશોક દાનાભાઇ ગોહેલ (૬) રેગન માવજીભાઇ રેવર(૭) ચીરાગ મહેન્દ્રભાઇ રાવલ તથા (૮) હિતેશ પ્રફુલભાઇ ટીલાળાનો સમાવેશ થાય છે.



## તંત્રી સ્થાનેથી...

### નોકરી માટે વિદેશ જનારા લોકોને સરકાર આપશે મોટી ભેટ : રાજય સરકારની જાહેરાત

જો તમે પણ નોકરી કરવા માટે વિદેશ જવા ઈચ્છો છો તો તમારા માટે ખુશખબર છે. હવે સરકાર તમને મોટી ભેટ આપવાની તૈયારી કરી રહી છે. હકીકતમાં કેન્દ્ર સરકાર સામાજિક સુરક્ષા સમજુતી પર અમેરિકા અને બ્રિટનની સાથે વાતચીત કરી રહી છે. કેન્દ્રીય મંત્રીએ આ જાણકારી આપી છે. જો બંને દેશો વચ્ચે આ કરાર થાય તો અમેરિકા અને બ્રિટનમાં ભારતીય કર્મચારીઓએ સામાજિક સુરક્ષા માટે ડબલ યોગદાન કરવું પડશે નહીં. હકીકતમાં આ બંને દેશો વચ્ચે જો સહમતી બને છે તો અમેરિકા અને બ્રિટનમાં ભારતીય કર્મચારીઓએ સામાજિક સુરક્ષા માટે બેવડું યોગદાન કરવું પડશે નહીં.

નોકરીદાતા સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ કર્મચારીઓ માટે ડબલ સામાજિક સુરક્ષા યોગદાનથી બચી શકશે. એટલે કે રોજગાર માટે વિદેશ જનારા લોકો માટે આ મોટો ફાયદો હશે.

ભારત ક્યા દેશો સાથે વાતચીત કરી રહ્યું છે? ભારતનો બેલ્જિયમ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ, ડેનમાર્ક, દક્ષિણ કોરિયા, નેધરલેન્ડ, હંગરી, ફિનલેન્ડ, સ્વીડન, ચેક ગણરાજ્ય, નોર્વે, ઓસ્ટ્રિયા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, જાપાન અને પોર્ટુગલની સાથે સામાજિક સુરક્ષા કરાર છે. એટલે કે આ દેશોમાં નોકરી માટે જનાર લોકોને સરકાર મોટો લાભ આપવાની તૈયારીમાં છે.

આ એક સમજુતી છે જે હેઠળ સહમતી થવા પર રોજગાર માટે વિદેશ જનાર ભારતીયોને એસએસએ દેશોમાં સામાજિક સુરક્ષા યોજનાઓમાં યોગદાન આપવાની જરૂર રહેતી નથી. એટલે કે આ સમજુતી બાદ વિદેશ જનાર ભારતીયોને એસએસએ દેશોમાં સામાજિક સુરક્ષા યોજનાઓમાં યોગદાન દેવાની જરૂર હોતી નથી.

આ સમજુતી બાદ તે અને તેના નોકરીદાતા વિદેશમાં સેવા કરતા ભારતમાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા ચલાવવામાં આવી રહેલી સામાજિક સુરક્ષા યોજનાઓને જારી રાખી શકે છે. એટલે કે કુલ મળીને સરકારની આ યોજનાથી વિદેશ જતા કર્મચારીઓને ફાયદો થવાનો છે.



## રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ મેલેરિયા, ચિકનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે તમામ સ્તરે સઘન પ્રયાસો

# જી.એમ.સ્ટીલમાં ફરી અકસ્માતઃ બાળ મજુર ગંભીર

## રાજકોટ-અમદાવાદ હાઈ-વે પરની ફેક્ટરીનો બનાવઃ ઔદ્યોગિક સુરક્ષાનાં નિયમોનું છડેચોક ઉલંઘન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૩૦

રાજકોટ- અમદાવાદ હાઈ-વે જી.એમ સ્ટીલ નામની કંપનીમાં અકસ્માત થતા એક કામદાર ગંભીર રીતે ઘાયલ થયાની વિગતો જાણવા મળી છે. જે હાલ રાજકોટમાં એચ.સી.જી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ફેક્ટરીનાં માલિકો દ્વારા સમગ્ર પ્રકરણને સંકેલવા પોતાના મળતિયાઓને કામે લગાડતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ રાજકોટ- અમદાવાદ હાઈ-વે પર કુવાડવા પાસે જી.એમ સ્ટીલ નામે એક ફેક્ટરી આવેલી છે.જેમાં ગઈકાલે અકસ્માત થતા તાહેર દેકીવાડીયા (રે.પીપળીયા,તા.વાંકાનેર )નામનો એક બાળ મજુર ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેમાં તેના હાથ અને પગમાં ફેક્ચર તેમજ માથામાં ગંભીર ઈજા થઇ હોય હાલ એચસીજી હોસ્પિટલ રાજકોટ ખાતે સારવાર હેઠળ છે.

ફેક્ટરીનાં માલિકો દ્વારા ઈજાગ્રસ્ત બાળ મજુરનાં વાલીઓને લોભ- લાલચ આપીને મેનેજ કરવાની કોશિશ થઇ રહી છે અને સમગ્ર પ્રકરણ ભીનું સંકેલી લેવા પોતાના મળતિયાઓને કામે લગાડ્યા છે.

આ અંગે અમો એ જિલ્લા ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય અધિકારી હિતેશ એસ. પટેલનો ટેલીફોનીક સંપર્ક કરતા તેઓ આ બાબતે સંપૂર્ણ અજાણ હોવાનું જણાવ્યું હતું. તેમજ જરૂરી વિગતો નોંધી લઇ તાકીદે યોગ્ય પગલા લેવાની ખાત્રી આપી હતી.

આ ફેક્ટરીમાં ૫૦ માણસો કામ કરવાની પરમીશન છે. પરંતુ ત્યાં ૩૦૦ થી ૪૦૦ માણસો કામ કરે છે અને સેફ્ટીનાં કોઈ નિયમોનું પાલન થતું ન હોવાનું મજુર વર્ગમાં ચર્ચાઈ છે.

ફેક્ટરીમાં કોઈપણ અકસ્માત થાય તો ફોર્મ નં.૨૧ ભરી જે તે ફેક્ટરીએ ઔદ્યોગિક સુરક્ષા અધિકારીને જાણ કરવાની હોય છે. પરંતુ આ ફેક્ટરીનાં માલિકો આ અકસ્માત અંગે તંત્રને જાણ તસ્દી લીધી નથી.આ અંગે ફેક્ટરીના માલિક શબીરહુશેન અલારખાભાઇ ઘોણીયાનો વિગતો મેળવવા સંપર્ક કરતા તેમનો ફોન નો રિપ્લાય થયો હતો.ઔદ્યોગિક સુરક્ષા અને મજુર કાયદાઓને આવી ફેક્ટરીઓ ઘોળીને પી જતી હોય છે . તંત્રએ લાલઆંખ કરવી જરૂરી હોવાની માંગ અત્રે ઉઠવા પામી છે.

## વાહન ચોરીના અનેક ગુનામાં સામેલ એક પાસામાં ધકેલાયો

### ગાંધીગ્રામ પોલીસે વોરંટની બજણી કરી અમદાવાદ જેલ હવાલે કર્યો

રાજકોટ તા. ૩૦ :

શહેરના અલગ-અલગ વિસ્તારમાં વાહન ચોરીના અનેક ગુનામાં સામેલ શખ્સને પાસામાં ધકેલી દીધો છે. મળતી વિગત મુજબ શહેરના જુદા-જુદા વિસ્તારમાં વાહન ચોરીના અનેક ગુનામાં સામેલ મયુરસિંહ બાબભા ગોહિલ (ઉ.૩૨) (રહે. રામાપીર ચોકડી પાસે શાષીનગર શેરી નં. ૭)ને પાસામાં ધકેલવા માટે પીસીબી શાખાના પીઆઇ એમ.બી. નકુમ, હેડ કોન્સ. રાજુભાઇ દહેકવાલ સહિતે દરખાસ્ત કરતા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે વોરંટ ઇશ્યુ કરતા ગાંધીગ્રામ પોલીસે મયુરસિંહ બાબભા ગોહિલ (ઉ.૩૨) (રહે. શાષીનગર શેરી નં. ૭ રામાપીર ચોકડી)ની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ જેલમાં ધકેલી દીધો હતો. વોરંટની બજવણી પી.આઇ. જી.એમ.હડીયા, એ.એસ.આઇ. હિરાભાઇ, હેડ કોન્સ. ખોડુભા જાડેજા, સલીમભાઇ, શબ્બીરભાઇ, ઇન્દ્રજીતસિંહ, રાહુલગીરી, શકિતસિંહ, ભરતભાઇ, ગોપાલભાઇ, દિનેશભાઇ, ગોપાલભાઇ સહિતે કરી હતી.

## ગુંદાવાડીમાં ટ્રાન્સપોર્ટની ઓફિસમાં તસ્કરના પગલાઃ સીસીટીવીમાં દેખાયો

### પરચુરણની ચોરીઃ લાકડાનો દરવાજો તોડી ઓફિસના મંદિરમાંથી પૈસા ચોર્યા

રાજકોટ તા. ૩૦:

ગુંદાવાડી મેઇન રોડ પર આવેલી યદુનંદન નામની ટ્રાન્સપોર્ટની ઓફિસમાં લાકડાનો દરવાજો તોડી ચોર અંદર ઘુસી ઓફિસમાં આવેલા મંદિરમાંથી પરચુરણની ચોરી કરી ગયો હતો. તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ થતાં આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. ટ્રાન્સપોર્ટની ઓફિસનું સંચાલન અજયભાઇ બોરીચા કરતાં હોવાનું અને તેમણે નાઇટ પેટ્રોલીંગ કડક બનાવવા રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે. તસ્વીરમાં સીસીટીવીમાં દેખાયેલો તસ્કર જોવા મળે છે.અન્ય બનાવમાં રેસકોર્ષમાં બગીચા નજીક આવેલી પાનની કેબીનમાં ચોરીનો પ્રયાસ થતાં કેબીન ધારકે પ્ર.નગર પોલીસમાં જાણ કરી હતી.

# રાજકોટ ક્રાઈમ

## નોકરીની લાલચે ઓનલાઈન ૧.૭૬ લાખતી ઠગાઈ કરનાર ઝબ્બે

રાજકોટ : ભાયાવદરમા એન્જીનીયરીંગના વિધાર્થી હાર્દિક રમેશભાઈ સોરઠીયાએ નોકરી માટે ઓનલાઈન અરજી કરી હતી જેમાં અજાણ્યા શખ્સે ફોન કરી વેબસાઈટમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી રજીસ્ટ્રેશનથી માંડી ટેક્સ સુધીના અલગ અલગ રૂપિયા ૧.૭૬ લાખની ઓનલાઈન એકાઉન્ટમાં નખાવી છેતરપીંડી કર્યાની અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી જેમાં એલસીબીએ એક વર્ષથી છેતરપીંડીના ગુનામાં નાસતો ફરતો વેસ્ટબંગાળનો સુશાંતા મિસ્ત્રી શ્રીધર ક્રિષ્ના મિસ્ત્રીની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

## રીક્ષા ચોરી અંગે ઈ એફઆઈઆર, આરોપી ઝબ્બે

તાજેતરમાં ભકિતનગર પોલીસમાં રીક્ષા ચોરી અંગે ઈ એફઆઈઆર નોંધાઈ હતી. ભકિતનગર પોલીસે નિલકંઠ સીનેમા પાસેથી આ ચોરાઉ રીક્ષા લઈ નિકળેલા અંકિતસિંહ પ્રવિણસિંહ જાદવ(ઉ.વ.૨૮, રહે. કોઠારીયા સોલવન્ટ, ત્રણ માળીયા કવાર્ટર) ને ઝડપી લીધો હતો. આરોપી સામે આ અગાઉ ચોરી, જુગાર, દારૂ સહિતના સાત ગુના પોલીસમાં નોંધાયા છે.

## હોટલ સંચાલક ઈંગ્લિશ દારૂ સાથે ઝડપાયો

જોડિયા તાલુકાના જામદુધઈ ગામ પાસે આવેલી આરાધના હોટલમાં જોડીયા પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમ્યાન ગિરધરભાઈ લાધાભાઈ ગાંભવા નામનો હોટલ સંચાલક ઈંગ્લિશ દારૂ સાથે પકડાઈ ગયો હતો. પોલીસે રૂપિયા ૪૨ હજારની કિંમતની ૮૪ નંગ દારૂની બોટલોમાં જથ્થો કબ્જે કરી લીધો હતો. પૂછપરછ દરમિયાન દારૂનો જથ્થો મોરબી જિલ્લાના ફડસર ગામના લાખાભાઈ મોરાબાઈ બોરીચા ઉર્ફે લાખામામાએ સપ્લાય કર્યો હોવાથી તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

## બિમારીથી કંટાળી જઈ મહિલાની આત્મહત્યા

રાજકોટ, શુક્રવાર રૈયાગામ પાસે જે.કે.પાર્કમાં રહેતા કાજલબેન નરેન્દ્રભાઈ ચાવડા (ઉ.વ.૩૦)એ ગઈકાલે ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કાજલબેને બિમારીથી કંટાળી જઈ આત્મઘાતી પગલું ભરી લીધાનું યુનિવર્સિટી પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

## મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ, શુક્રવાર રેલનગરમાં શ્રીજી પાર્કમાં રહેતા માં હેતલબેન પરેશભાઈ (ઉં.વ.૩૯)એ આજે ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જાણ થતા પ્ર.નગર પોલીસે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતકને સંતાનમાં બે પુત્ર છે. હાલ પોલીસે તેની પાછળનું કારણ જાણવા તપાસ જારી રાખી છે.

## અટલ સરોવરમાં ન્હાવા ગયેલા યુવાનનું ડુબી જવાથી મૃત્યું

રૈયાધારમાં ઈન્દીરાનગરમાં રહેતો મયુર જેન્તીભાઈ પારથી (ઉ.વ.૨૨) ગઈકાલે ઘરેથી ન્હાવા જવાનું કહી નિકળ્યા બાદ હૈયા ગામમાં નવા રેસકોર્સ નજીક અટલ સરોવરમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જાણ થતા યુનિવર્સિટી પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મજુરી કામ કરતા મયુરનું અકસ્માતે ડુબી જતા મૃત્યું થયાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ઉલ્લેખનિય છે કે સરોવરમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યા બાદ પોલીસે તપાસ કરતાં મૃતદેહ મયુર પારઘીનો હોવાનું ખુલ્યું હતું.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)


122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426


## આજે શ્રાવણ સુદ બીજ એટલે ચારણ મહાત્મા ઈસરદાસજીની ૫૬૪મી જન્મજયંતિ

**ટૂંકમાં પરિચય :**

નામ :- ઇસરદાસજી બારહટ
પિતા :- સુરાજી
માતા :- અમરબા
જાતી :- ચારણ
શાખા :- રોહડીયા
જન્મ :- વિક્રમ સંવત ૧૫૧૫ શ્રાવણ સુદ - ૨
જન્મ સ્થળ :- ભાદ્રેશ . બાડમેર . જોધપુર .રાજસ્થાન
નિર્વાણ :- વિક્રમ સંવત ૧૬૨૨ ચૈત્ર સુદ - ૯ (રામનવમી) સંચાણા માં સમુદ્ર ગમન



જન્મજયંતિએ ચારણ મહાત્મા ઈસરદાસજીના ચરણોમાં વંદન



# વાહન પરનું લખાણ દૂર કરાવવાની સત્તા પોલીસ પાસે નથીઃ બાર એસો. પ્રમુખ અર્જુન પટેલ

## એડવોકેટ, પ્રેસ અને ડોકટર સન્માનીય નામો છે, જે પોલીસ દૂર કરી શકે નહીં



બાર એસો. પ્રમુખ અર્જુન પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.30

રાજકોટ બાર એસોસિએશનનાં પ્રમુખ અર્જુનભાઈ પટેલે જણાવ્યું હતું કે, મોટર વ્હીકલ એકટમાં પોલીસને કોઈ એવી સતા નથી કે, વાહન પરનું કોઈ લખાણ દૂર કરાવી શકે. કોઈપણ અધિકારી કાયદાની મર્યાદામાં રહી કામ કરવામાં બંધાયેલ છે. જો કોઈ કાયદામાં વાહન ઉપર લખેલ એડવોકેટ, ડોક્ટર, પ્રેસ કે કોઈપણ નામ દૂર કરવા જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો તેવા લખાણો દૂર કરી શકાય નહીં. ખાસ કરીને એડવોકેટ, ડોક્ટર અને પ્રેસ માટે કાઉન્સીલની રચના કરવામાં આવેલ હોય છે અને આવી કાઉન્સીલ કાયદાથી અસ્તિત્વમાં આવતી હોય છે.

ત્યારે કોઈ કાઉન્સીલ ચોક્કસ પ્રકારનો લોગો તેના સભ્યની ઓળખ માટે આપે ત્યારે આવા લોગા કાયદા માન્ય લોગા છે. તેથી એડવોકેટ, પ્રેસ તથા ડોકટરનાં લોગાઓ કાયદાથી માન્યતા પ્રાપ્ત થયેલ લોગા હોય આવા લોગા પોલીસ સતાવાળાઓ જો દૂર કરે તો દૂર કરનાર પોલીસ અધિકારીનું કૃત્ય ગુનો બને છે.

બાર એસોસિએશનનાં પ્રમુખ અર્જન પટેલે કાયદાની શણાવટ કરતા જણાવેલ કે, મોટર વ્હીકલ એકટમાં માત્રને માત્ર નંબર પ્લેટમાં કોઈપણ જાતનાં લખાણો કરવાની મનાઈ ફરમાવેલ છે. તે સિવાય વાહનનાં કોઈપણ બીજા અન્ય ભાગ પર લખાણની મનાઈ કાયદાએ ફરમાવેલ નથી. ત્યારે તે વાહનનો માલિક પોતાના સંતાનનું નામ કે જે ધર્મમાં આસ્થા ધરાવતો હોય તેના દેવ-દેવીઓનાં નામ લખે તો આવા લખાણથી કોઈ કાયદા કે રૂલ્સનો ભંગ થતો નથી. મોટર વ્હીકલ એકટમાં તેની સાઈઝ અને શેપમાં ફેરફાર કરવા પર પ્રતિબંધ છે. જેથી કોઈપણ વાહનનાં મોડલમાં મોડીફીકેશન કરી શકાય નહીં આવો પ્રતિબંધ છે. પરંતુ વાહન પર લખાણ કરવા પર કોઈ પ્રતિબંધ નથી ત્યારે બંધારણીય અભિવ્યક્તિ પ્રમાણે વાહનનો માલિક પોતાની મરજી મુજબ વાહન પર કોઈ લખાણ કરે તો તે કાયદેસર છે. તેને કઢાવી શકાય નહીં.

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદાઓથી જે મર્યાદા મુકવામાં આવેલ છે તે માત્રને માત્ર કોઈ ઈન્પ્રેશન જમાવે તેવા લખાણો



સંબંધે છે. જેથી એડવોકેટ, ડોક્ટર, પ્રેસ જે સમાજનાં સન્માનીય નામો છે અને એડવોકેટ, ડોક્ટર અને પ્રેસ લખવાથી કોઈ રૂઆબ કે રોક જમાવવાની વાત નથી અને એક અલગ ઓળખ આપવાની બાબત છે. ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટની કારને તો જ પ્રવેશ મળે છે કે જે તે કાર પર બાર કાઉન્સીલ દ્વારા માન્ય થયેલ એડવોકેટનો લોગો હોય. આમ વડી અદાલત પણ રૂલ્સ બનાવી આવા લોગાવાળી કારની એન્ટ્રી મંજુર કરે છે. ત્યારે પોલીસે એ વાત સમજી લેવી જોઈએ કે, એડવોકેટનો લોગો કાયદાનું માન્ય સિમ્બોલ છે અને તે જ રીતે પ્રેસ અને ડોક્ટરનાં સિમ્બોલ છે.

ત્યારે પોલીસ જો આવા સિમ્બોલ્સ દૂર કરાવે તો પોલીસ પોતે બળજબરી અને જોર-જુલમ કરી રહી છે. તો પોલીસનું કૃત્ય તેવું ગણાશે રાજકોટ બારનાં પ્રમુખ અર્જુનભાઈ પટેલે આક્રમક રોષ દાખવતા જણાવેલ છે કે, કાયદાની અમલ કરાવનાર ઓથોરીટી ગેરકાયદેસરતા આચરે તે કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં. જો પોલીસ આવી ગેરકાયદેસરની બળજબરી અને જોર-જુલમવાળી લોગો તથા નામ દૂર કરવાની કામગીરી બંધ નહીં કરે તો આવનાર દિવસોમાં પોલીસ અને પ્રજા સામસામે આવી જશે અને કાયદો તથા વ્યવસ્થા સામે અનેક પડકારો ઉભા થશે.

# લક્ષ્મીનગર અન્ડરબ્રિજથી ગોડાઉન રોડ ૨૪ મીટરનો બનાવાશે



સી.ડી.એસ.જનરલ બિપીન રાવત અન્ડરબ્રિજ (લક્ષ્મીનગર અન્ડરબ્રિજ) થી ભક્તિનગર રેલ્વે સ્ટેશન જતો ગોડાઉન રોડ હયાત ૯ મીટરનો રસ્તો ૨૪ મીટરનો પહોળો કરવા અંગે ભારત સરકારના રેલવે વિભાગના માન.મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સાંસદ મોહનભાઈ કુંડારીયા નજરે પડે છે.

### રેલવે દ્વારા રાજકોટ મનપાને જમીન ફાળવવા નિર્ણય કરાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.30

મહાનગરપાલિકા અને રેલ્વેના સાંકળતા જુદા-જુદા મુદાઓ અંગે તા.૨૧ જુલાઈના રોજ સાંસદ મોહનભાઈ કુંડારીયાના અધ્યક્ષસ્થાને મિટિંગનું આયોજન કરવામાં આવેલ. આ મિટિંગમાં મેયર ડો.પ્રદિપ ડવ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા, રાજકોટ અને ભાવનગરના રેલ્વે વિભાગના ડી.આર.એમ.ની ઉપસ્થિતિમાં જુદા-જુદા રેલવે ક્રોસિંગ, ઓવરબ્રિજ/અન્ડરબ્રિજ, ફાટક પહોળું કરવા લક્ષ્મીનગર અન્ડરબ્રિજથી ગોડાઉન રોડ ૨૪ મીટરનો કરવા વગેરે બાબતોએ ચર્ચા કરવામાં આવેલ.

ઉક્ત મિટિંગને પગલે સાંસદ મોહનભાઈ કુંડારીયા દ્વારા ચાલુ સપ્તાહમાં જ દિલ્હી ખાતે રેલ્વે વિભાગના મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરવામાં આવેલ. જેમાં, લક્ષ્મીનગર અન્ડરબ્રિજથી ભક્તિનગર રેલવે સ્ટેશન, ગોડાઉન રોડ ૯ મીટરમાંથી ૨૪ મીટર કરવા માટે રેલવેની આવેલ જમીન ફાળવવા દિલ્હીમાંથી રેલ્વે મંત્રાલયમાં સુચના આપવામાં આવેલ.

ઉકત નિર્ણયથી સી.ડી.એસ.જનરલ બિપીન રાવત અન્ડરબ્રિજ (લક્ષ્મીનગર અન્ડરબ્રિજ)થી ભકિતનગર રેલ્વે સ્ટેશન જતો ગોડાઉન રોડ હયાત ૯ મીટરનો છે. આ રોડને ૨૪ મીટરનો પહોળો કરવા માટે રેલ્વે વિભાગની ૧૫ મીટર જેમાં, ૫૦ ફૂટ પહોળાઈ અને ૩૦૦ મીટર જમીન કપાત કરી ૨૪ મીટરનો બનાવવામાં આવશે. આ રોડ બનતા નાગરિકોને આવન જાવન તેમજ રેલ્વે સ્ટેશન આવન જાવન કરતા નાગરિકોને સુગમતા રહેશે.

# વલસાડના વાગલધારા હાઈ-વે બ્રિજ પાસે કમરના મણકા ખસી જાય તેવા રસ્તા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.30



વલસાડ હાઈ-વે પર કમરતોડ ખાડાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે. અકસ્માતમાં અનેક લોકો મૃત્યુ પામ્યા છે. અને અનેક લોકોએ હોસ્પિટલમાં જવાનો પણ વારો આવ્યો છે. જયારે વાત કરીએ તો વલસાડના વાગલધારા પાસે બ્રિજની હાલત જોવામાં આવે તો રસ્તાઓની કેવી હાલત છે. થોડાક દિવસો પહેલા સરપંચો દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું કે, રસ્તા સારા થાય પણ તંત્ર વાઘલધરા પાસેના બ્રિજ પરિસ્થિતિ જોશે તો ખબર પડશે કે રસ્તાની હાલત કેવી છે. વિકાસ મોડેલની વાતો વચ્ચે વલસાડના વાગલધારા હાઈ-વે બ્રિજ પાસે સ્માર્ટ ખાડા છે પણ રાજકીય પાર્ટીઓ ચૂંટણીમાં વ્યસ્ત છે.

આ રસ્તા પર મંત્રી જાય તો તેની પણ કમર તૂટે તેવા રસ્તા છે. કમરના મણકા ખસી જાય તેવા રસ્તાથી પ્રજા ત્રસ્ત છે પણ આ રસ્તાની મુખ્યમંત્રી નોંધ લે તો રસ્તાનું કામ થશે તેવી ચર્ચા છે.

# શહેરમાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા મનપા તંત્ર એકશનમાં

### સુપરવાઈઝરોને દરેક વોર્ડની મુલાકાત લઈ રીપોર્ટ આપવો પડશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.30



ચોમાસાની ઋતુ દરમ્યાન અને ચોમાસા બાદ મચ્છરજન્ય મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગનો વધારો થતો હોય છે. જેના નિયંત્રણ માટે શુક્રવારના રોજ મેયર ડો.પ્રદિપ ડવના અધ્યક્ષસ્થાને આરોગ્ય અને મેલેરિયા વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સાથે મિટિંગ યોજવામાં આવેલ.

મેયર ડો.પ્રદિપ ડવએ જણાવ્યું કે, મચ્છરોની ઉત્પતિ રોકવા ઝુંબેશ શરૂ કરવા, લોકોમાં જાગૃતતા આવે તે માટે ડોર ટુ ડોર મુલાકાત લઈ પાણી ભરેલ વાસણો, ખુલ્લા ટાંકા વગેરેમાં મચ્છરના પોરા ન થાય તે માટે પાણી ભરેલ પાત્રોમાં દવાનો છંટકાવ કરવો, બિન જરૂરી ભંગાર, પક્ષીકુંડ ખાલી કરી પાણી ન ભરાય તે રીતે રાખવા તથા લોકોને આરોગ્ય શિક્ષણ આપી રોગ અટકાયતી કામગીરી કરવી, રસ્તા ઉપર પાણી ભરેલ ખાડાઓમાં MLO તથા બળેલું ઓઇલનો છંટકાવ કરવો, ખાસ કરીને તહેવારો આવી રહ્યા હોય તહેવારો પહેલા મચ્છર ઉત્પતિ ન થાય અને રોગચાળાને નિયંત્રણ કરવા કર્મચારીઓને તાકીદ કરેલ અને રોજે રોજ મેલેરિયા સુપરવાઇઝરોને દરેક વોર્ડની મુલાકાત લઈ કામગીરી કરવી, દરરોજનો વોર્ડ વાઈઝ રીપોર્ટ આપવા જણાવવામાં આવેલ. જે વિસ્તારોમાં ચિકનગુનિયા કે ડેન્ગ્યુનો કેસ આવે એ વિસ્તારની આજુબાજુના તમામ વિસ્તારોમાં દવા છંટકાવ તથા ફોગીંગ કામગીરી કરાવવી તેમજ હોસ્પિટલોમાંથી વિગત મેળવી જે વિસ્તારમાં કેસ આવેલ હોય તે વિસ્તારમાં ખાસ તમામ ટીમ સાથે મળી પગલા લેવા જણાવવામાં આવેલ.

# અકસ્માત વળતર કેસમાં જનરલ ઈન્સ્યો કાું.એ ૨૦ લાખનું વળતર ચુકવા કોર્ટનો હુકમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.30

તા.૧/૨/૨૦૧૭ ના રોજ ગુજરનાર વસંતભાઈ હરજીભાઈ શિંગાળા, ગુજરનાર પોતાના હવાલાવાળી રીક્ષા લઈને રાજકોટ બીલીયાળા મુકામે આવેલ ગોશાળામાં ઘાસ નાખવા માટે નીકળેલ હતા ત્યારેશાપર પાસે પહોંચતા આ કામના સામાવાળા ક્રેઈનના ચાલકે પોતાના હવાલાવાળી ક્રેઈન પુરઝડપે તથા બેદરકારી પૂર્વક ચલાવીને ગુજરનાર વસંતભાઈ શિંગાળાને રીક્ષા સહીત હડફેટે લીધેલ જે અકસ્મતમાં ગુજરનારને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ અને સારવાર બાદ ઈજાપામનાર વસંતભાઈ હરજીભાઈ શિંગાળાનું અવસાન થયેલ જેથી આ બનાવ સબંધે શાપર વેરાવળ પોલીસ સ્ટેશન રાજકોટ ગ્રામ્યમાં ક્રેઈનના ચાલક વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામા આવેલ.


આ અકસ્માતમાં ગુજરનાર વસંતભાઈ હરજીભાઈ શિંગાળાના વારસદારો દ્વારા રાજકોટ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં વળતર મેળવવા અંગે કલેઈમ કેસ દાખલ કરવામાં આવેલ. જે દાવામાં અરજદાર તરફે એડવોકેટ અજય કે. જોષી રોકાયેલ હતા. આ કામમાં ઈફકોટોકિયો જનરલ ઈન્સ્યો. કંપની તરફથી એવો બચાવ લેવામા આવેલ કે ક્રેઈનના ચાલક પાસે જે ડ્રાઈવિંગ લાયસન્સ હતું તે કાયદેસર ન હતું કારણ કે, ડ્રાઈવર જે ડ્રાઈવિંગ લાયસન્સ ધરાવતા હતા તે ડ્રાઈવિંગ લાયસન્સ નાગાલેન્ડ રાજયના ફેક જીલ્લાના ડિસ્ટ્રીક્ટ ટ્રાન્સપોર્ટ ઓફીસર દ્વારા રદ કરવામાં આવેલ કારણ કે,



એડવોકેટઃ અજય જોષી

ડ્રાઈવિંગ લાયસન્સ ધરાવનારે ડ્રાઈવિંગ લાયસન્સનું ફોર્મેટ સ્માર્ટ કાર્ડમાં રૂપાંતર કરાવેલ ન હતું. જેથી ઈન્સ્યોરન્સ કંપનીની કોઈ જવાબદારી થતી નથી. જેની સામે અરજદારના એડવોકેટ અજય કે. જોષી દ્વારા તેવી દલીલ કરવામાં આવેલ કે, ડ્રાઈવિંગ લાયસન્સના સ્વરૂપમાં કોઈ પણ ફેરફાર થવાથી ડ્રાઈવરની વાહન ચલાવવાની ક્ષમતામાં કોઈ તફાવત રહેતો નથી તેમજ નાગાલેન્ડ આર.ટી.ઓ દ્વારા ડ્રાઈવિંગ લાયસન્સ ધરાવનારને આ અંગે કોઇ જાણ કરવામાં આવેલ હોય તેવું પણ વિમા કંપની દ્વારા સાબિત કરવામાં આવેલ નથી. જે તમામ દલીલો કોર્ટ દ્વારા માન્ય રાખી અકસ્માતમાં માત્ર અને માત્ર ક્રેઈનના ચાલકની બેદરકારી ઠરાવેલ અને ગુજરનાર વસંતભાઈ હરજીભાઈ શિંગાળાના વારસદારોને રૂ.૨૦,૦૦,૦૦૦ ચુકવવા રાજકોટ એમ.એ.સી. ટ્રીબ્યુનલ સ્પેશિયલ રાજકોટ. એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ પ્રશાંત જૈનની કોર્ટ દ્વારા હુકમ કરેલ છે અને ઉપરોકત હુકમમાં સંપૂર્ણ બેદરકારી માત્રને માત્ર ક્રેઈનના ચાલકની ગણીને ઈફકોટોકિયો જનરલ ઈન્સ્યો. કંપની સામે ઉપરોકત કેઈસના વળતરરૂપે કુલ રૂા.૨૦,૦૦,૦૦૦ ચુકવવા હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં ગુજરનારના વારસદારો વતી એડવોકેટ અજય કે. જોષી પ્રિયાંક જે. ભટ્ટ (એડવોકેટ) તથા પ્રદિપ આર.

## અમરેલીમાં આમ આદમી પાર્ટીનો જનસંવાદ કાર્યક્રમ યોજાયો



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.30

આમ આદમી પાર્ટી દ્વારા અમરેલી શહેરમાં આયોજીત જનસંવાદ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવી અને આમ આદમી પાર્ટી આણંદ લોકસભા પ્રમુખ કરશનબાપુ ભાદરકા મુખ્ય અતિથિરૂપે હાજર રહ્યા હતા. આ જનસંવાદ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીનાં હોદેદારો, કાર્યકરો હાજર રહ્યા હતા.

### સાવરકુંડલા મા.યાર્ડમાં નવા કપાસની આવક

# મુહૂર્તમાં રૂા.૪૦૧૧ પ્રતિમણના ભાવ બોલાયા



### ખેડૂતોમાં ખુશીનો માહોલ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.30

આજે સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સીઝનના નવા કપાસની આવક આંબરડી ગામના ખેડૂત વિપુલભાઇ ઘીરૂભાઇ સભાયાએ બજરંગ ટ્રેડર્સના કમિશનમાં વેચવા માટે આવેલ. ચેરમેન દિપકભાઇ માલાણીના હસ્તે વિધિસર પૂજન કરી શ્રીફળ વધેરીને મો મીઠુ કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી અને કપાસ ખરીદનાર વેપારીઓ, તેમજ યાર્ડના સેક્રેટરી આર.વી.રાદડીયા, આ.સેક્રેટરી મુકેશભાઇ ત્રિવેદી, ઇન્સ્પેકટર વનરાજભાઇ ખુમાણ, ઓક્ષનર વિનુભાઇ અગ્રાવત, હિતેશભાઇ જોષી તેમજ સ્ટાફગણ, ડીરેકટરઓની ઉપસ્થિતિમાં કપાસ ખરીદનાર વેપારીઓમાં મુહૂર્તનો કપાસ ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા રીયલ ટ્રેડર્સ વાળા પરેશભાઇ પટેલ દ્વારા રૂા.૪૦૧૧ ની ઉચી બોલી બોલીને મુહૂર્તનો કપાસ ખરીદ કરેલ.

જેથી મુહૂર્તના સારા ભાવ બોલાતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો. તેમ આસી.સેક્રેટરીની યાદી જણાવે છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## “MODI@20” પુસ્તક પર યુવાનોને માર્ગદર્શિત કરતા પ્રકાશ જાવડેકર

છાત્રાલય અને પાઠશાળાઓનું વિસ્તરણ ગરીબ વિદ્યાર્થિનીઓને ૧૨મા ધોરણ સુધી કામથી લઈને કામ સુધીનું શિક્ષણ મેળવવા માટે કરવામાં આવશે. તમામ શાળાઓમાં વિદ્યાર્થીનીઓ માટે અલગ-અલગ શૌચાલય બનાવવામાં આવ્યા છે. સેનેટરી નેપકીન રૂ.માં આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ૨૦૧૪માં આઈઆઈટીમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા ૪ ટકા હતી, આજે તે વધીને ૨૦ ટકા થઈ ગઈ છે. મોદી સરકારે સ્વ-વેરિફિકેશન સુવિધા પૂરી પાડી. બ્રિટિશ સરકારના સમયથી, કાગળ પર અધિકારીની સ્ટેમ્પ મેળવવા માટે આ ચકાસણીની પદ્ધતિ હતી કારણ કે તેને જનતા પર વિશ્વાસ નહોતો. જનતાનું જીવન આરામદાયક બનાવવા માટે જીવન પ્રમાણ, ઓનલાઈન પાસપોર્ટ, પાક આવકવેરા રિટર્નની સિસ્ટમ, કોમન સર્વિસ સેન્ટર જેવા અનેક કામો ગણી શકાય. મોદીના સુશાસનનો આ જ મંત્ર છે કે લોકોનું જીવન સરળ બનાવવું જોઈએ.આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ગિરીશભાઈ ભીમાણી, મુખ્ય મહેમાન તરીકે મેયર ડો. પ્રદિપભાઈ ડવ, ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડો. જગદીશભાઈ ભાવસાર તથા વિશેષ આમંત્રિત શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી ઉપસ્થિત રહ્યા હતા.(૧૩)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## હવે પોલીસની સાથે જ દોડશે હાઈટેક ફોરેન્સિક ઈનવેસ્ટીગેશન વેન

આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતા જાય છે અને તેમાં તપાસ પણ તેવી આધુનિક જરૂરી છે. ફોરેન્સિક સાયન્સની મદદથી એક નાના વાળ પરની વ્યક્તિના ડી.એન.એ.ની ઓળખ જાહેર થઈ શકે છે અને પોલીસ કે અન્ય તપાસ એજન્સીમાં જે ફીઝીકલ પુરાવા છે તે સાયન્ટીફીક રીતે એકત્ર ના થાય તો અપરાધ ઉકેલી શકતો નથી અથવા તો પુરાવા મજબૂત બનતા નથી. આ વેનમાં ૧૫ એનાલીસીસ કીટ છે જે અલગ અલગ પુરાવાને અલગ અલગ રીતે એકત્ર કરવામાં સહાયતા કરે છે. ગાંધીનગર ફોરેન્સિક લેબ એ ભારતની સૌથી આધુનિક લેબ ગણાય છે જેમાં ભારતભરમાંથી આ પ્રકારના પુરાવા વિશ્લેષણ માટે આપે છે અને રૂા.૬૦ લાખમાં તૈયાર થતી આ વેન દેશના ૪૦ જીલ્લાના પોલીસ અધિકારીઓને સુપ્રત કરી દેવાઈ છે.(૯)

## દેશમાં ૭૩ ટકા તરૂણો સોશ્યલ મીડીયાના વ્યસનીઃ ૧૦માંથી ૩ ડિપ્રેશનના શિકાર

૧૦માંથી ત્રણ બાળકો ભય, ડિપ્રેસન, ચિંતાના કારણે ચિડીયાપણાના શિકાર બન્યા છે. કોઈનું ભણવામાં મન નથી લાગતું, તો કોઈ ફોન વિના ખાવાનું નથી ખાઈ શકતા. બેંગ્લુરુ સ્થિત રાષ્ટ્રીય માનસિક તપાસ તેમજ તંત્રિકા વિજ્ઞાન સંસ્થાના અનુસાર દેશના ૭૩ ટકા બાળકો મોબાઈલ યુઝર છે, તેમાંથી ૩૦ ટકા મનોવિકારથી પીડીત છે. નવી દિલ્હી એમ્સના મનોચીકીત્સક ડો. યતન પાલ જણાવે છે કે તેમને ત્યાં મહિનામાં ૧૫થી૧૬ બાળકો કાઉન્સેલીંગ માટે આવે છે. જેમાંથી ૯૦ ટકા સુધીના મોડરેટ કે ક્રોનિક સ્થિતિ વાળા છે, અર્થાત લક્ષણ ત્રીજા કે ચોથા સ્ટેજ જેવા હોય છે.(૯)



રકતદાન રજીસ્ટ્રેશન મો.નં. ૯૮૨૫૦ ૭૮૩૦૨

### જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

# રકતદાતાઓને આકર્ષક ગીફટ, અકસ્માત વિમા પોલિસી સર્ટિફિકેટ અપાશે

### રવિવારે જનકલ્યાણ હોલ ખાતે કરાયું આયોજન

લક્કી ડ્રો દ્વારા ૧૧ ભાગ્યશાળી રકતદાતાને ૨ સોનાની અને ૯ ચાંદીની ગીની આપવામાં આવશે




પ્રિ-રજીસ્ટ્રેશન કરાવેલ રકતદાતાઓ માટે લક્કી ડ્રો દ્વારા ૪૦, ૩૨ ઈંચનું ટીવી તેમજ ૫૦ લીટરનું ફ્રીજ ગીફટ તરીકે આપવામાં આવશે



'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે પધારેલા બકુલેશ મહેતા, ચેતનભાઈ પંચમીયા, જીજ્ઞેશ બોરડીયા અને ધવલ શાહએ તસવીરમાં નજરે પડે છે. આવતીકાલે રવિવારે જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ વિશેની માહિતી આપી હતી.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

રકતદાન એ નવા જમાનાની નવી જવાબદારી છે. તેમજ રકતદાન એ આપણે સૌએ સ્વૈચ્છાએ સ્વીકારેલો સામાજીક વેરો છે. ત્યારે કોઇ માતાના લાડકવાયા અને કોઇ બહેનીનાં વીરાને, કોઇની બહેનનાં સુહાગને અને નાના-નાના ભુલકાઓનાં મમ્મી-પપ્પાને નવજીવન બક્ષવાનાં હેતુસર જૈન સોશિયલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનના સંવેદના સપ્તાહ અંતર્ગત જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટ દ્વારા સૌને સાથે રાખી, સૌના સાથ સહકારથી મેગા બ્લડ ડોનેશન કેમ્પ આગામી તા.૩૧-૭ ને રવિવારનાં રોજ સવારે ૮ થી બપોરે ૩ દરમ્યાન જનકલ્યાણ હોલ, જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ ખાતે આયોજન કરેલ છે. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ મેઈન, વેસ્ટ, મીડટાઉન, ડાઉન ટાઉન, રોયલ, યુવા, સેન્ટ્રલ, જૈન જાગૃતિ સેન્ટર, દિગંબર જૈન સોશિયલ ગ્રુપ, જૈન યુવા જુનિયર તથા મીડટાઉન લેડીઝ વિંગ, સંગીની ડાઉનટાઉન, સંગીની એલીટ, જૈન યુવા ગ્રુપ, શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપનો સહકાર સાંપડયો છે,

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં વિભાબેન હિતેશભાઈ મહેતાનાં સ્મરણાર્થે માતુશ્રી ગુલાબબેન અનીલભાઈ મહેતા પરિવાર તેમજ મનહરલાલ વર્ધમાનભાઈ સંઘવી, સ્વ.હર્ષદભાઈ ભુપતરાય સંઘવી તેમજ ઈન્દુભાઈ વોરા (વોરા ફાઉન્ડેશન) સહયોગી દાતા તેમજ લક્કી ડ્રો દ્વારા ૧૧ ભાગ્યશાળી રકતદાતાને ૨ સોનાની અને ૯ ચાંદીની ગીની આપવામાં આવશે. આ બ્લડ ડોનેશન કેમ્પનાં મેડિકલ પાર્ટનર સ્ટાર સિનર્જી દ્વારા બી.એમ.ડી., આર.બી.એસ., હાઈટ, વેઈટ, બ્લડપ્રેશર તેમજ ફીઝીશ્યન ડોકટરનું કન્સલ્ટન્ટ તદ્દન નિઃશુલ્ક કરી આપવામાં આવશે. તેમજ કોરોનાની સામે રક્ષણ આપતી વેકિસન તેમજ બુસ્ટર ડોઝની પણ વ્યવસ્થા આ કેમ્પમાં કરવામાં આવી છે (આધારકાર્ડ આધારીત). તેમજ એચ.ડી.એફ.સી બેન્ક દ્વારા આકર્ષક ગીફટ તેમજ સન્માન પત્ર પણ આપવામાં આવનાર છે.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ડો.પ્રદિપભાઈ ડવ (મેયર) ડો.દર્શિતાબેન શાહ (ડેપ્યુટી મેયર), રાજુ ભાગર્વ (પોલીસ કમિશનર) હરેશભાઈ વોરા (પૂર્વપ્રમુખ-JSGIF,) મનીષભાઈ દોશી (વાઈસ પ્રેસીડન્ટ) JSGIF,) ડો.ચેતનભાઈ વોરા (ચેરમેન : સૌરાષ્ટ્ર રીજીયન), નિલેશભાઈ કામદાર (આઈ.ડી.-JSGIF,) સેજલભાઈ કોઠારી (વાઈસ ચેરમેન સૌરાષ્ટ્ર રીજીયન), નિલેશભાઈ કોઠારી (સેક્રેટરી : સૌરાષ્ટ્ર રીજીયન), જીતુભાઈ કોઠારી (મહામંત્રી : રાજકોટ શહેર ભાજપ), રાજુભાઈ બાટવીયા, જીતુભાઈ બેનાણી, ઈન્દુભાઈ વોરા, નીતેશભાઈ કામદાર, અનીષભાઈ વાધર, જયેશભાઈ શાહ (સોનમ કર્વાટઝ), સતીષભાઈ મહેતા (અબતક), કરણભાઈ શાહ (સાંજસમાચાર), ભાવનાબેન દોશી, અમીષભાઈ દેશાઈ (તપસ્વી ઈન્ટરનેશનલ સ્કૂલ), પ્રતિકભાઈ સંઘાણી, ડો.દિપકભાઈ મહેતા, મેહુલભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, ઉપસ્થિત રહેશે.

આ કેમ્પમાં રાજકોટની નામાંકિત શૈક્ષણિક સંસ્થા વીવીપી એન્જીનિયરીંગ કોલેજ, આત્મીય કોલેજ તેમજ ગીતાંજલી કોલેજનાં વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાશે તેમજ મોટી ઈન્ડસ્ટ્રીઝનાં કર્મચારીઓ વધુમાં વધુ જોડાય તે માટે પણ સંસ્થા કાર્યરત બની છે.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં તમામ રકતદાતાઓને આયોજકો તરફથી આકર્ષક ગીફટ, એક લાખની અકસ્માત વિમા પોલીસી તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. પ્રિ રજીસ્ટ્રેશન કરાવનાર રકતદાતાઓ વચ્ચે લક્કી ડ્રો દ્વારા ૪૦, ૩૨ ઈંચનું ટીવી તેમજ ૫૦ લીટરનું ફ્રીજ ગીફટ તરીકે આપવામાં આવશે, આ ઉપરાંત લક્કી ડ્રો દ્વારા ૧૧ રકતદાતાઓને ૨ સોનાની ગીની અને ૯ ચાંદીની ગીની આપવામાં આવશે. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્ક તથા રેડક્રોસ બ્લડ બેન્કનો વિશેષ સહયોગ મળેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટના પ્રમુખ બકુલેશ મહેતા, તત્કાલીન નિવૃત પ્રમુખ ઉદય ગાંધી, એલીટ સેક્રેટરી : અભય દોશી તથા જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટના પ્રોજેકટ ચેરમેન ચેતનભાઈ પંચમીયા, કો પ્રોજેક્ટ ચેરમેનઃ જીજ્ઞેશ બોરડીયા, સંકલન કમિટીના ઉપેન મોદી, મેહુલ દામાણી તેમજ પ્રોજેકટ કમીટીનાં પરાગ મહેતા, રૂષભ શેઠ, ધવલ શાહ, નિપેશ દેસાઈ, જીતુ પંચમીયા, જતીન શેઠ, આકાશ શાહ, ધવલ સંઘવી, વિમલ બાટવીયા, સુમેશ મહેતા સહિતના લોકો જહેમત ઉઠાવી રહયા છે. તેમ બકુલેશ મહેતાએ જણાવ્યું છે.

# સરકારી વૃધ્ધાશ્રમ બનાવવા મુખ્યમંત્રીને રજૂઆત

### સુખ- સુવિધા સાથે ૨૦૦ વડીલોની સેવા ચાકરી થાય એવી વ્યવસ્થા ગોઠવવા માંગણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

ભારત- તિબ્બત સંઘનાં ગુજરાત પ્રાંતનાં મીડિયા આઈટી સહસંયોજક રાજેશ જે. ભાતેલીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજૂઆત કરી છે કે, રાજકોટ સહિત ગુજરાતના મહત્વના શહેરોમાં સંપૂર્ણ સુવિધાયુકત સી.સી.ટી.વી. કેમેરા સાથેનું અધતન વૃધ્ધાશ્રમનું નિર્માણ કરવામાં આવે અને આ વૃધ્ધાશ્રમનું સંપૂર્ણ સંચાલન નિયમિત રીતે સરકાર દ્વારા જ કરવામાં આવે તે માટેની માંગણી છે.

વધુમાં જણાવ્યું છે કે, આ સરકારી વૃધ્ધાશ્રમમાં રહેનાર વૃધ્ધોને શ્રેષ્ઠ કક્ષાની આયુર્વેદિક, નેચરોપેથી તથા તિબેટીયન નાડીવૈધ દ્વારા તિબેટીયન દવા સાથે નિયમિત સારવાર મળી રહે તે માટે યોગ્ય પ્રબંધ કરવા વિનંતી છે. ૨૦૦ વડીલો રાખી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે. આ વૃધ્ધાશ્રમ નિયમિત રીતે ધાર્મિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે, આ વૃધ્ધાશ્રમની મુલાકાત બાળકો લે અને તેમને તે જ પ્રકારનું વાતાવરણ મળી રહે તે અંગે આનુસાંગિક વ્યવસ્થાઓ કરવામાં આવે, જેથી કરીને વડીલોને પણ બાળકો થકી વિશેષ આનંદનો લાભ મળી શકશે.

ભવિષ્યમાં વૃધ્ધાશ્રમની જરૂર ન પડે અને વૃધ્ધાશ્રમ બંધ કરવા પડે એવી સ્થિતિનું નિર્માણ કરવા તમામ પ્રકારના શિક્ષણમાં નિયમિત રીતે માનવતા, સાદગી, સારા સંસ્કાર, નિઃસ્વાર્થ સેવા, યોગ અને સારા વાંચનને મહત્વ આપવામાં આવે, આમ જનતા સારા પુસ્તકો વાંચતી થાય તે માટે સહુ કોઈ માટે વાંચે ગુજરાત અભિયાન સ્પર્ધા દરેક જિલ્લામાં, દરેક તાલુકામાં, દરેક શાળા-કોલેજમાં રાખવામાં આવે અને આમ જનતા વાંચન પ્રત્યે સજાગ બને તેની વાંચન ભૂખ ઉઘડે તે માટે સરકાર દ્વારા સતત અને સઘન પ્રયાસો સતત કરવામાં આવે, જેથી કરીને ભવિષ્યમાં વૃધ્ધાશ્રમ કરવાની જરૂરીયાત ઉભી ન થાય એટલે કે સારા સંસ્કારને તમામ સ્તરે વ્યાપક પ્રમાણમાં નિયમીત રીતે મહત્વ મળી રહે તે જોવામાં આવે, આ માટે જવાબદારી ફીકસ કરવામાં આવે તે જ છે તે જરૂરી છે.

હાલ આવી યોજના ન હોય, નવી યોજના તૈયાર કરી, આ રાજય લેવલના સર્જેશનને મહત્વ આપવા વિનંતી છે. તેમ અંતમાં જણાવ્યું છે.

### 'આપ' ના પ્રદેશ યુવા પ્રમુખ પ્રવિણભાઈ રામનો આક્ષેપ

# અનેક શાળાઓમાં હજુ પાઠય પુસ્તકો પહોંચ્યા નથી!

### વિદ્યાર્થીઓનું શિક્ષણ અટકી પડયું હોય, ઉગ્ર આંદોલન છેડવા ચીમકી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

ગુજરાત રાજ્યમાં સત્ર ચાલુ થયું એને અંદાજીત બે મહિના આસપાસ સમય થવા આવ્યો છે આમ છતાં હજુ અનેક શાળાઓમાં પાઠયપુસ્તકો સરકાર દ્વારા અને રાજ્ય પાઠયપુસ્તક મંડળ દ્વારા પહોચાડવામાં આવ્યા નથી. તંત્રની બેદરકારી કે ટેકનિકલ ખામીમાં માસૂમ બાળકોનો શું વાંક કે જે એક આશા સાથે ગુજરાતની સરકારી શાળામાં ભણી રહ્યા છે જ્યાં હજુ પાઠયપુસ્તકો મળ્યા નથી. તેવો આપ અગ્રણીએ આક્ષેપ કર્યો છે.

વધુમાં આમ આદમી પાર્ટી પ્રદેશ યુવા પ્રમુખ પ્રવિણભાઈ રામે જણાવ્યું કે દિલ્હી ખાતે જે લોકો અરવિંદ કેજરીવાલની સરકારમાં શિક્ષણની સ્થિતિ જોવા ગયા હતા એ લોકોએ પેલા ગુજરાતમાં એમની સરકારમાં શિક્ષણની સ્થિતમાં ડોકિયું કરવાની જરૂર છે. સારી સ્કૂલ, સારી વ્યવસ્થા અને સારું શિક્ષણ આપવાની વાત તો ઠીક પરંતુ આ ભાજપ સરકાર સમયસર બાળકોને પાઠયપુસ્તકો પણ આપવા સક્ષમ નથી. એવું પણ જાણવા મળ્યું છે કે રાજ્ય પાઠયપુસ્તક મંડળમાં બાબતે રજુવાત કરવા જઈએ તો પણ ત્યાંથી સંતોષકારક જવાબ મળતો નથી.

વધુમાં જે શાળાઓમાં હજુ પાઠયપુસ્તકો મળ્યા નથી ત્યાં તત્કાલિક ધોરણે પાઠયપુસ્તકો પહોચાડવા સરકારને ચેતવણી આપી જો ટૂંક સમયમાં બાકી રહેલી શાળામાં પાઠયપુસ્તકો મોકલવામાં નહિ આવે તો આ મુદ્દા બાબતે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ પ્રવિણભાઈ રામ દ્વારા આપવામાં આવી છે.

### કોંગ્રેસ પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનોની પોલીસને રજૂઆત

# વીજ ગ્રાહકોને શિકાર બનાવતી ચીટર ગેંગને પકડો





### વીજ ગ્રાહકોને સાવધ રહેવા પૂર્વ કોર્પોરેટર દિલીપ આસવાણી અને પૂર્વ ફૌજી નટુભા ઝાલા દ્વારા પણ અપીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ત્રણના પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, શહેર કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા (લોકસંસદ વિચારમંચ), પૂર્વ ફૌજી નટુભા ઝાલાએ જણાવ્યું છે કે, તાજેતરમાં અમદાવાદ સહિત ગુજરાતમાં નવી તરકીબ દ્વારા અનેક લોકો છેતરપીંડીનો ભોગ બન્યા બાદ સૌરાષ્ટ્ર અને રાજકોટમાં આવા માફિયાઓએ ઝાડ બિછાવી છે. જેમાં વીજ કંપની દ્વારા લાઈટ કનેકશન કાપવાની અને બિલ ભરપાઈ કરેલ હોવા છતાં ડીશ કનેકટ થઈ જતા અત્યારે તમો બિલના નાણા ભરો નહિતર આજે રાત્રે ૯:૩૦ કલાકે લાઇટ કાપવાની ખુલ્લી ધમકી ફોન પર અને મેસેજ દ્વારા વીજ ગ્રાહકોને મળી રહી છે.

આવો જ એક કડવો અનુભવ શહેર કોંગ્રેસ પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલાને થતા અને મેસેજમાં બિલ ભરેલ ન હોવાથી અને આજે રાત્રે ૯:૩૦ કલાકે લાઈટ કાપી નાખવાની ધમકી મળતા ગજુભાએ બંને સાઇબર માફિયાઓ સાથે વાત કરી ઓડિયો કિલપ રેકોર્ડિંગ કરી લીધા બાદ રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને સાયબર ક્રાઇમના એસીપી વિશાલ રબારીને રૂબરૂ મળ્યા હતા અને શહેરના વીજ ગ્રાહકો આવા સાઇબર ગઠિયાઓનો ભોગ બને તે પહેલા આ પ્રકારના મેસેજ મોકલનારા અને લોકો સાથે છેતરપીંડી કરી બેંકમાંથી નાણાં કટ કટાવી લેતા માફિયાઓ સામે ગુનો દાખલ કરી સબક શીખવાડી જબ્બે કરવાની માંગ કરી હતી.

ગજુભાને વીજ કનેકશન કાપવાની ધમકીને પગલે તેઓએ પીજીવીસીએલના મિલપરા સબ ડિવિઝનના ડેપ્યુટી ઇજનેર સાથે વાત કરી કહ્યું હતું કે તમામ બિલ ઓનલાઈન ભરી આપેલ છે તો આ મેસેજ કેમ મોકલાવેલ છે. ત્યારે ઇજનેરે જણાવ્યું હતું કે આ પ્રકારના મેસેજ સાયબર માફિયાઓ દ્વારા મોકલવામાં આવી રહ્યા છે. પીજીવીસીએલ આ પ્રકારના મેસેજ કોઈને મોકલતી નથી અને આ મેસેજ મોકલનારા સામે લોકો સાવધ રહે અને જરૂર જણાયે સાઇબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ કરે.

અંતમાં પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી (મો : ૯૮૨૫૨ ૨૨૧૦૦) અને કોંગી પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલા (મો: ૯૪૨૬૨ ૨૯૪૯૬) જણાવ્યું હતું કે કોઈને કોઈ મુશ્કેલી જણાય તો મોબાઈલ પર સંપર્ક કરી શકો છો. સાઇબર ક્રાઇમ ના રાઉન્ડ ધ કલોક હેલ્પલાઇન સેન્ટર ના ડાયલ નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટની શ્રીજી ગૌશાળા ખાતે લમ્પી વાયરસથી ગાયોના રક્ષણ માટે દેશી પદ્ધતિ અપનાવાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦



દેશી ઈલાજ અને માર્ગદર્શન માટે મો.૯૮૨૫૪૧૮૯૦૦, ૯૯૦૯૯ ૭૧૧૧૬ પર સંપર્ક કરવો

સમગ્ર ભારતમાં ખ્યાતનામ ગૌ તિર્થ શ્રીજી ગૌશાળાનાં ડો. પ્રભુદાસભાઈ તન્ના (પંચગવ્ય ચિકિત્સક) દ્વારા શ્રીજી ગૌશાળા ખાતે ગાયોને લમ્પી વાઈરસના રક્ષણ માટે એક દેશી નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમાં સૌપ્રથમ તો જે ગાયો/પશુને લમ્પી વાયરસનો ચેપ લાગ્યો છે તે બધા પશુ માટે એક અલગ જ પ્રકારનો વોર્ડ ઉભો કરાયો છે. ગાયોના ઈલાજ માટે સૌપ્રથમ એક મોટા તપેલાની અંદર ફટકડી નાંખી તે પાણી ખૂબ ઉકાળવું, તેમાં કડવો લીમડો અને હળદર નાંખી આખી રાત પલળવા દેવાનું સવારે તેને પંપમાં ભરી અને ગાયો છટકાંવ કરવાનો અને છટકાંવ કર્યા પછી, લીમડાની ચટણી બનાવી તેમાં હળદર અને કપુર નાંખી જયાં જયાં ગાયોને લમ્પી વાઈરસની ફોડલી પાકી ગઈ હોય ત્યાં આ લેપ લગાડવો અને વધુમાં ગાયોને લીમડો ખાણમાં ખવડાવવો લીમડો સંપૂર્ણ પણે એન્ટીબાયોટેક છે. આ રોગ સામે પશુને જલ્દી સાજા કરવા માટે ખૂબ મહત્વનો ભાગ લીમડો ભજવે છે. પછી રોટલી બનાવવી તેમાં દેશી ગાયનું શુધ્ધ ઘી, તીખા પાવડર, હળદર નાંખી રોટલીમાં ચોપડી એક-એક રોટલી જે ગાયોને ખવડાવી જેથી ગાયોની ઈમ્યુનીટી એટલે કે રોગપ્રતીકારક શકિત વધી જશે જેથી પશુ ઝડપથી સારા થઈ જશે. જે ગાયોને લમ્પી વાઈરસનો ચેપ લાગી ગયો છે તેના વોર્ડમાં દેશી ધૂપ કરવાનો જેમાં ગોબરના છાણા, ગાયનું ઘી, હળદર, ગુગળ, કપુર અને લીમડાનો ધૂપ કરવાનો જેથી ચેપ વધતો અટકશે અને આ ધૂપ કરવાથી વાતાવરણ શુધ્ધ થશે જેથી લમ્પી વાઈરસના કીટાણું મરશે અને પશુધન બચી શકશે.

અત્રે ઉલ્લેખની છે કે ગૌ તિર્થ શ્રીજી ગૌશાળાનાં ડો. પ્રભુદાસભાઈ તન્ના દ્વારા શ્રીજી ગૌશાળા દ્વારા ગૌ મૂત્ર, ગોબર વિ. પંચગવ્યથી નિર્મિત ૪૦ થી વધુ ગૌ પ્રોડકટસનું નિમાર્ણ કરવામાં આવે છે અને લોકોને ગૌ પ્રોડકટસનો ઉપયોગ કરવા અવાર-નવાર શ્રીજી ગૌશાળા ખાતે કાર્યક્રમો યોજી તેની માહિતી આપવામાં આવે છે. લમ્પી વાઈરસ અને દેશી ઇલાજ અને માર્ગદર્શન માટે મો. ડો. પ્રભુદાસ તન્ના મો.૯૮૨૫૪૧૮૯૦૦, રમેશભાઈ ઠકકર મો.૯૯૦૯૯ ૭૧૧૧૬ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# કોવિડ હેલ્થ પોલીસી લીધા પછી વિમા ધારકને વળતર ન ચુવનાર વિમા કંપનીએ વળતર ચુકવવા કોર્ટનો હુકમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦


કોવિડ હેલ્થ પોલિસી લીધા પછી વિમાધારકને વળતર ન ચુવનાર રીલાયન્સ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.ને સારવાર ખર્ચના રૂા.૧,૨૩,૫૫૨ ફરિયાદીને ૩૦ દિવસમાં ચૂકવવા ગ્રાહક કોર્ટે હુકમ કર્યો છે.


આ કેસની વિગત મુજબ રાજકોટના રહીશ હસમખભાઈ અમરશીભાઈ કોટેચા , રાજકોટની બેંક ઓફ ઈન્ડીયા તરફથી ખાતેદારને તથા તેમના કટુંબ માટે એટલે કે બેંકના ગ્રાહકો માટે હેલ્થ ઈન્સ્યુરન્સ પોલીસીની વ્યવસ્થા કરવામાં આવેલ અને આ રીતે ફરિયાદી સને ૨૦૧૬ થી હેલ્થ ઈન્સ્યુરન્સ પોલીસી ધરાવે છે . બેંક તરફથી શરુઆતમાં ત્રણ વર્ષ માટે નેશનલ ઈન્સ્યુરન્સ કા . લી . પાસેથી અને અને છેલ્લી બે પોલીસીઓ રીલાયન્સ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી. પાસેથી લેવામાં આવેલ. દરમ્યાન સમગ્ર દુનિયા તેમજ ભારત દેશમાં કોવિડ -૧૯ મહામારી ફેલાયેલ અને મનષ્ય જાતિ તેની જપેટમાં આવી ગયેલ . હાલના ફરિયાદીને પણ કોરોના પોઝિટિવ આવતા રાજકોટની પરમ હોસ્પિટલમાં તા.૨૬/૧૧/૨૦૨૦ થી તા.૧/૧૨/૨૦૨૦ સુધી ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવેલ અને હોસ્પિટલ તથા દવા - સારવાર પાછળ રૂ.૧,૨૩,૫૫૨ જેટલો ખર્ચ થયો. વિમા કંપનીને વળતર માટે દરખાસ્ત કરતા કલેઈમ નોંધાવેલ. પરંતુ વિમા કંપનીએ ફરિયાદીનો કલેઈમ પોલીસી લેતા સમયે ડાયાબીટીશ તથા હાઈપર ટેન્શનની બિમારી છપાવેલ હોય આમ મહત્વની હકીકત છપાવેલ હોય અને તેથી પોલીસીની ટર્મ્સ અને કંડીશનનો ભંગ કરેલ હોય તેથી પોલીસી રદબાતલ હોવાનું જણાવી ફરિયાદીનો કલેઈમ રદ કરેલ. જેથી ફરિયાદીએ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ વિમા કંપની દ્વારા પોતાના ગ્રાહકોને આપવાની થતી સેવામાં ખામી દાખવેલ હોય તેમજ કલેઈમની રકમ મેળવવા ફરિયાદ દાખલ કરેલ. ફરિયાદી તરફે તેમના એડવોકેટ સરફરાઝ પઠાણ દ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાને લઈ ગ્રાહક કોર્ટે સારવાર ખર્ચના રૂા.૧,૨૩,૫૫૨ ફરીયાદીને ૩૦ દિવસમાં ચૂકવવા અને અરજી ખર્ચ પેટે રૂ. ૫૦૦૦ ફરિયાદીને ચૂકવવા વીમા કંપનીને. ગ્રાહક કોર્ટે હુકમ કર્યો હતો. આ કામમાં રાજકોટ ગ્રાહક જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ ફરિયાદી હસમુખભાઈ અમરશીભાઈ કોટેચા તરફે રાજકોટના એડવોકેટ સરફરાઝ પઠાણ રોકાયેલા હતા.




એડવોકેટઃ સરફરાઝ પઠાણ

# પ્રદેશ ભાજપ લીગલ સેલના સહકન્વીનર અનિલ દેસાઈનું સન્માન







### કાર્યક્રમને સફળ બનાવા રાજકોટ બાર એસો. પ્રમુખ અર્જુનભાઈ પટેલ, કલેઈમ બારના પ્રમુખ અજયભાઈ જોષીએ જહેમત ઉઠાવેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૩૦

અનીલભાઈ દેસાઈ સિનિયર ધારાશાસ્ત્રીની ગુજરાત પ્રદેશ ભાજપ લીગલ સેલનાં સહસંયોજક તરીકે નિયુકિત થવા બદલ તથા બાર કાઉન્સીલ ઓફ ગુજરાતનાં કો-ઓપ્ટ મેમ્બર અને ડિસીપ્લીનરી કમિટીનાં ચેરમેન થવા બદલ સિનિયર એડવોકેટ સંજયભાઈ વ્યાસ તથા રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં ચેરમેન અને હાલમાં ગુજરાત બજાર નિયંત્રણ સંઘનાં સહમંત્રી થવા બદલ જયેશભાઈ બોઘરાનાં સન્માનનો કાર્યક્રમનું તા.૨૯-૭-૨૨ નાં રોજ રાજકોટનાં મહિલા એડવોકેટઓ તરફથી આયોજન કરવામાં આવેલ છે. સાથે- સાથે રાજકોટ બાર એસોસિએશનનાં પ્રમુખ અર્જુનભાઈ પટેલ, રાજકોટ કલેઈમ બારનાં પ્રમુખ અજયભાઈ જોષી, રાજકોટ ક્રિમીનલ બારનાં પ્રમુખ તુષારભાઈ બસવાણીનું પણ સ્વાગત સન્માન યોજેલ છે. વિશેષમાં રાજકોટમાં ઈ-મેમો સંબંધ રાજકોટ બારનાં એડવોકેટ હિમાંશુભાઈ પારેખ તથા ગીરીરાજસિંહ જાડેજાની ઉત્તમ કામગીરી બદલ તેમનું પણ સન્માન થવું જોઈએ. તેમ વિચારી મહિલા એડવોકેટઓ તરફથી તેમણે પણ સન્માનવા જઈ રહ્યા છે. આપણા રાજકોટ બારનું ગૌરવ એવા સ્વિમિંગમાં ચેમ્પિયનશિપ મેળવનાર સિનિયર એડવોકેટ રોહિતભાઈ ધીયાનું પણ સન્માન રાખેલ છે. તેમજ રાજકોટ પીપલ્સ કો.ઓપરેટીવ બેંકમાં ડિરેક્ટર તેમજ ફાઈનાન્સ કમિટીના ચેરમેન પદ મેળવનાર એડવોકેટ દિનેશભાઈ આજડા તથા અમદાવાદ લેન્ડ મોર્ગેજ બેંકના ઉપપ્રમુખનું સ્થાન મેળવનાર રામદેવસિંહ ઝાલાનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમ જણાવ્યું છે.

# રાજકોટમાં રવિવારે મોરારિબાપુના હસ્તે ભવેન કચ્છીને નચિકેતા એવોર્ડ એનાયત થશે








(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

સતત ત્રીજા વર્ષે પત્રકારોને પોંખવાના રૂડા અવસર નચિકેતા એવોર્ડનું આયોજન નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. તા.૩૧ મી જુલાઇને રવિવારના રોજ જાણીતા વરિષ્ઠ પત્રકાર ભવેન કચ્છી (ગુજરાત સમાચાર) ને નચિકેતા એવોર્ડ આપવામાં આવશે. આ અવસરે કથાકાર શ્રી મોરારિબાપુ ઉપસ્થિત રહીને આશીવર્ચન આપશે.

## નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિ દ્વારા કરાયું આયોજન

નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિ દ્વારા છેલ્લા બે વર્ષથી ગુજરાતી પત્રકારત્વમાં ઉત્તમ કામગીરી કરનાર પત્રકોરોને નચિકેતા એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવી રહ્યા છે. આ વર્ષે પણ નચિકેતા એવોર્ડનું આયોજન તા.૩૧ મી જુલાઇને રવિવારના રોજ સાંજે ૫ કલાકે હેમુ ગઢવી નાટયગૃહ, ટાગોર માર્ગ ખાતે કરવામાં આવ્યું છે. ૩૫ વર્ષથી વધુ સમયથી ગુજરાતી પત્રકારત્વમાં પ્રદાન કરનાર ગુજરાત સમાચારના વરિષ્ઠ પત્રકાર ભવેન કચ્છીની પસંદગી કરવામાં આવી છે. ગુજરાતી પત્રકારત્વમાં રમત ગમતનું રોજબરોજનું એક પાનું શરૂ કરવાનો શ્રેય ભવેન કચ્છીને જાય છે તેમણે દેશના યુવાનોને પ્રોત્સાહિત કરીને એક સ્પોર્ટસ કલ્ચર ઉભું કર્યું છે. તેમની ગુજરાત સમાચારની રવિવારની રવિપૂર્તિમાં 'હોરાઇઝન' અને બુધવારની શતદલ પૂર્તિમાં 'વિવિધા' કોલમ ખૂબ જ લોકપ્રિય છે . ૩૦ વર્ષથી ચાલતી આ કોલમમાં જુદા-જુદા સાંપ્રત વિષયો પર ૩૦૦૦ જેટલા લેખ પ્રકાશિત થયા છે. તેમણે ૫૦ થી વધુ વિશેષ મહાનુભવોના ઇન્ટરવ્યુ લીધા છે. પત્રકારત્વના ભાગરૂપે તેમણે ૧૧ દેશનો પ્રવાસ કર્યો છે તથા તેમના ૧૨ જેટલા પુસ્તકો પ્રકાશિત થયા છે. ભવેન કચ્છીને અત્યાર સુધીના પત્રકારત્વની સફરમાં ઘણા એવોર્ડ પ્રાપ્ત થયા છે. જેમ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે દિલ્હીમાં 'સ્વ.પીઠાવાલા ટ્રસ્ટ એવોર્ડ', તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે 'ઇન્ડીયન જર્નાલિસ્ટ યુનિયન એવોર્ડ' તથા 'નાગર જ્ઞાતિ રત્ન', 'ગુજરાત મીડિયા એવોર્ડ', વિશ્વ સંવાદ કેન્દ્ર દ્વારા 'નારદ એવોર્ડ' અને સુરતની સંસ્થા દ્વારા અપાયેલ 'સરદાર એવોર્ડ' મુખ્ય છે.

## નગીનદાસ સંઘવી વિશે વાત કરશે ભદ્રાયુ વછરાજાની

નચિકતા એવોર્ડ સમારંભને આશીવર્ચન આપવા જાણીતા કથાકાર શ્રી મોરારિબાપુ ઉપસ્થિત રહેશે. તેમજ આ એવોર્ડ જેની સ્મૃતિમાં આપવામાં આવે છે એવા નગીનદાસ સંઘવી વિશે લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ ભદ્રાયુ વછરાજાની વાત કરશે. નચિકેતા એવોર્ડ માટેની નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિના ભરતભાઇ ઘેલાણી અને જયંતીભાઇ ચાંદા પણ ઉપસ્થિત રહેશે. પત્રકારોને પોંખવાના ચુડા અવસરના આ કાર્યક્રમમાં શહેર જનતા જોડાઇ શકશે. વહેલા તે પહેલાના ધોરણે કાર્યક્રમમાં જગ્યા મેળવી લેવાની રહેશે.

# ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલની વાર્ષિક સાધારણ સભા મળી: હોદ્દેદારોની વરણી કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦



શહેરમાં ૪૭ વર્ષથી કાર્યરત ક્ષત્રિય સમાજની સંસ્થા ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલની તા.૨૪ જુલાઈ રવિવારના રોજ સંસ્થાના પ્રમુખ નામદાર ઠાકોર સાહેબ માંધાતાસિંહજીના અધ્યક્ષ સ્થાને વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં સંસ્થાની પરંપરા અને સૌનો એક મત સાથે ઈલેકશન નહીં પણ સિલેકશન મુજબ આગામી ૨૦૨૨/૨૩ ના નવા હોદ્દેદારો કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

વાર્ષિક સાધારણ સભાના આરંભે કોરોના કાળના કપરા સમયે અવસાન પામેલ સમાજના અગ્રણી ભાઈઓને સભા ઉપસ્થિત સૌ બે મિનિટ મૌન પ્રાર્થના સાથે સદ્ગતના આત્માઓને દિવ્યાંજલી પાઠવી હતી. ત્યારબાદ સંસ્થાના વાર્ષિક હિસાબો રજુ કરાયેલ હતા. જે સર્વાનુમતે મંજુર રખાયા હતા. આગામી વર્ષ માટેના હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક કરાયેલ હતી. જેમાં સંસ્થાના પ્રમુખપદે નામદાર ઠાકોર સાહેબ રાજકોટ માંધાતાસિંહજી જાડેજા, ઉપપ્રમુખ તરીકે અશોકસિંહ એમ વાઘેલા (લોલીયા), શૈલેન્દ્રસિંહ ડી. રાન્ના (દૂધરેજ), માનમંત્રી દેવેન્દ્રસિંહ (ટીકુભાઈ) આર. જાડેજા, (કોઠારીયા), સહમંત્રી રત્નદિપસિંહ એમ. જાડેજા (સગાળીયા), ભરતસિંહ આર. જાડેજા (વાગુદડ), ખજાનચી તરીકે મયુરસિંહ એ. જાડેજા (વાગુદડ), સંગઠન મંત્રી પ્રવિણસિંહ વી. ચુડાસમા (જીંજર), આદિત્યસિસ વી. ગોહિલ (ખીજડીયા), જયદિપસિંહ જાડેજા (સંઘાણ), રાજદીપસિંત (રાજાભાઈ) જાડેજા (વાવડી - કોઠારીયા), હરપાલસિંહ એમ. જાડેજા (જગામેડી), હરપાલસિંહ એસ. જાડેજા (રાજપરા), ઓડીટર તરીકે હિતેન્દ્રસિંહ જી. વાઘેલા (બકરાણા), શિક્ષણ સમિતિમાં પ્રો. ઈન્દ્રસિંહ જે. જાડેજા (ઠેબચડા), પ્રો. ધર્મેન્દ્રસિંહ ઝાલા (કટુડા) ની નિમણુંક કરાઈ હતી.

આ ઉપરાંત કારોબારી સભ્યોમાં દૈવતસિંહ બી. જાડેજા (ચાંદલી), વિરમદેવસિંહ ચુડાસમા (પરબડી), દિગ્વીજયસિંહ ચુડાસમા (બાવળીયાળી), બળદેવસિંહ ચુડાસમા (ભડીયાદ), છત્રપાલસિંહ (સતુભા) જાડેજા (પડવલા), દિલીપસિંહ પી. જાડેજા (નાના ઈંટાળા), યોગરાજસિંહ જાડેજા (વાવડી), દિગ્વીજયસિંહ એન જાડેજા (નાના મૌવા), જીતુભા જાડેજા (ભરૂડી), દિલજીતસિંહ કે જાડેજા (ભાતેલ), ભગીરથસિંહ એસ ઝાલા (ઝાલા મેઘપર), વિજયસિંહ જાડેજા (માલીયાસણ), નરેન્દ્રસિંહ જાડેજા (વડાળી), જયદીપસિંહ પી. જાડેજા (સુકી સાજડીયાળી), હરપાલસિંહ એન. વાઘેલા (ગાણોલ), મહીરાજસિંહ પી. ઝાલા (રતનપર), રવિરાજસિંહ બી. ઝાલા (રામપરા), રવિરાજસિંહ આર. ઝાલા (સરધારકા), સત્યજીતસિંહ એ. જાડેજા (કાળીપાટ), યોગેન્દ્રસિંહ ડી. ચુડાસમા (આંબળી), જયુભા ડી. ઝાલા (રંગપર), ચનુભા પરમાર (દેવળીયા), પરાક્રમસિંહ આર. ગોહિલ (રામણકા), દિવ્યરાજસિંહ જી. જાડેજા (લોધીકા), દુષ્યંતસિંહ બી. જાડેજા (શાપર), મનહરસિંહ જાડેજા (લીયારા), જયદેવસિંહ જાડેજા (રીબ), સિધ્ધરાજસિંહ જાડેજા (ચાચાવદરડા), દિલીપસિંહ ઝાલા (રવાપર નદી), સહદેવસિંહ એન. જાડેજા (બેલા), રવિરાજસિંહ ગોહીલ (મોણપર), ચંદ્રસિહ જી. જાડેજા (રાજપર), શાંતુભા ઝાલા (સરધારકા), દિલીપસિંહ જાડેજા (મેટીયા) ની વરણી કરાઈ હતી.

સભાનું સંચાલન દૈવતસિંહ જાડેજા દ્વારા કરાયું હતું. સંસ્થાના પ્રમુખ માંધાતાસિંહજી તેમજ ઉપસ્થિત સમાજના આગેવાનો, વડીલો દ્વારા નવી બોડીને સમાજના સર્વાંગી વિકાસશીલ અભ્યાસ ક્ષેત્ર સહિતના સમાજલક્ષી કાર્યો કરે તેવા અભિનંદન પાઠવ્યા હતા. સભામાં આભારવિધિ નવનિયુકત ઉપપ્રમુખ અશોકસિંહ વાઘેલા દ્વારા કરાઈ હતી.

# ૧૭ પેઢીની ચકાસણી, ૬ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

ફૂડ સેફટી ઓન વ્હીલ્સ વાન દ્વારા ભકિતનગર સર્કલ, ૮૦ ફૂટ રોડથી જલારામ ચોક વિસ્તારમાં ચકાસણી હાથ ધરવામાં આવેલ. કુલ ૧૭ પેઢીની ચકાસણી કરવામાં આવેલ. ૬ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ તેમજ વેંચાણ થતા ઘી, ઠંડાપીણા, પાણી, પ્રિપેડ ફૂડ, મસાલા તથા ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વિગેરેના કુલ ૧૧ નમુનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.




ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન દ્વારા ભકિતનગર સર્કલ, ૮૦ ફૂટ રોડ થી જલારામ ચોક (ગીતા મંદિર) વિસ્તારમાં ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં દર્શાવેલ વિગતો મુજબ કુલ ૧૭ પેઢીની ચકાસણી કરવામાં આવેલ તથા ૦૬ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ. તેમજ વેંચાણ થતાં ઘી, ઠંડાપીણાં, પાણી, પ્રિપેર્ડ ફૂડ, મસાલા તથા ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વિગેરેના કુલ ૧૧ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

સારંગી ચા, જલારામ ખમણ, ભવાની પૂરીશાક, જોકર ગાંઠિયા, રાજેશ પ્રોવિઝન સ્ટોર, દીપ રેસ્ટોરન્ટને સ્થળ પર લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ તથા ધારેશ્વર મિલ્ક બાર, શિવમ પ્રોવિઝન સ્ટોર, હિમાલયા સોડા શોપ, રાજમંદિર કોલ્ડ્રિંક્સ, પ્રિન્સ કોલ્ડ્રિંક્સ, અંકુર ખમણ, ઇટાલિયન બેકરી, વર્ધમાન સ્ટોર્સ, ટી.જી.બી. કેક એન બેકરી (સાગર એન્ટરપ્રાઇઝ), મહેશ ડેરી ફાર્મ, જે માર્ટની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

૭ નમૂના લેવામાં આવેલ.

### ખાધ્ય તેલ વિગેરેના કુલ ૧૧ નમુનાની સ્થળ પર ચકાસણી કરાઈ

જેમાં ચા (પ્રિપેર્ડ -લુઝ): સ્થળ -તુલસી ટી સ્ટોલ -સિલિકોન વેલી પાસે, નાના મૌવા રોડ, મિક્સ દૂધ (લુઝ): સ્થળ -નશીબ હોટેલ -હનુમામઢી ચોક, રૈયા રોડ, કોફી (પ્રિપેર્ડ -લુઝ): સ્થળ -નશીબ હોટેલ -હનુમામઢી ચોક, રૈયા રોડ, મિક્સ દૂધ (લૂઝ): સ્થળ -આરાધના ટી એન્ડ સ્નેક્સ -૧૨- સરદાર નગર કોર્નર, હોમી દસ્તૂર માર્ગ, રાજમંદિર ફાસ્ટ ફૂડ સામે, ચા (પ્રિપેર્ડ -લુઝ): સ્થળ -આરાધના ટી એન્ડ સ્નેક્સ -૧૨- સરદાર નગર કોર્નર, હોમી દસ્તૂર માર્ગ, રાજમંદિર ફાસ્ટ ફૂડ સામે, જનતા પાસ્ચ્યુરાઇઝ્ડ હોમોઝિનાઇઝ્ડ ટોન્ડ મિલ્ક (૧ લી પેક્ડ માંથી): સ્થળ -હોટલ કનકાઈ -ક્રિસેન્ટ બિલ્ડીંગ, રેષકોર્ષ રિંગ રોડ અને ચા (પ્રિપેર્ડ -લુઝ): સ્થળ -હોટલ કનકાઈ -ક્રિસેન્ટ બિલ્ડીંગ, રેષકોર્ષ રિંગ રોડ.

# જમીન બાબતે થયેલ જુથ અથડામણમાં આરોપીનો જામીન પર છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦



એડવોકેટ: જીગ્નેશભાઈ સભાડ | એડવોકેટ: રણજીત મકવાણા

રાજકોટના સાતડા ગામે કિમતી જમીનના વિવાદ બાદ થયેલ શસ્ત્ર હત્યાના પ્રયાસના ગુનામાં જેલ હવાલે રહેલા જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કરી છે. બનાવની વિગત મુજબ તા.૧૫ મેએ રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં સાતડા ગામના પાટિયા પાસે બે કારમાં આવેલા અન્ય શખ્સોએ અપશબ્દો કહીં, તમારે જમીનમાં કબ્જો કરવો છે? તેમ કહી કુહાડી, ધોકા, પાઇપથી હુમલો કર્યો હતો. એરપોર્ટ પોલીસે હત્યા પ્રયાસ સહિતની કલમો હેઠળ મનસુખ મેઘાણી તેનો પુત્ર મુકેશ મેઘાણી ગણેશ દેવા મેઘાણી રમેશ મેઘાણી અને મહિપત ગોવર્ધન મેઘાણી સામે ગુનો નોંધ્યો હતો. પોલીસે તમામની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરેલી હતી. જેની સુનાવણીમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા ધારદાર દલીલ કરેલી કે, મારી નાખવાના ઇરાદાથી હુમલો કર્યો, ક્રોસ ફરિયાદ થઈ છે. જેથી આરોપીઓ ગુન્હામાં સક્રિય હતા. તેમ વિવિધ કોર્ટના ચુકાદાઓ ટાંકીને બચાવ પક્ષના એડવોકેટની દલીલો માન્ય રાખીને અદાલતે ગણેશ દેવા મેઘાણીની જામીન અરજી મંજૂર કરવાનો હુકમ ફરમાવેલો છે. આ કેસમાં બચાવપક્ષે ગણેશ દેવાભાઈ તરફે રાજકોટના એડવોકેટ રણજીત મકવાણા અને જીગ્નેશભાઈ સભાડ રોકાયેલા હતા.

# સાતમ-આઠમના તહેવાર નિમિતે તેલ, ખાંડનું રાહતદરે વિતરણ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

જિલ્લા પુરવઠા અધિકારી રાજકોટની યાદી અનુસાર આગામી સાતમ-આઠમના તહેવાર નિમિતે ઓગસ્ટ માસમાં રાજય સરકાર તરફથી જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત રાજયના અંત્યોદય/બીપીએલ તથા અગ્રતા ધરાવતા કુટુંબો (પીએચએચ)ને કાર્ડદીઠ (એક) લીટર સીંગતેલ પ્રતિ લીટર રૂા.૧૦૦ ના રાહત દરે વિતરણ કરવામાં આવશે. વિશેષમાં અત્યોદય તથા બી.પી.એલ કાર્ડધારકોને ખાંડના નિયમિત જથ્થાના વિતરણ ઉપરાંત અંત્યોદય કાર્ડધારકોને કાર્ડદીઠ ૧ કિલો પ્રમાણે પ્રતિકિલોના રૂા.૧૫ના ભાવે જયારે બી.પી.એલ. કાર્ડધારકોને કાર્ડદીઠ ૧ કિલો પ્રમાણે પ્રતિ કિલોના રૂમ.૨૨ના ભાવે વધારાના ખાંડના જથ્થાનું પણ વિતરણ કરાશે.

# રાજકોટ મંડપ કોન્ટ્રાકટર એસો.ના પ્રમુખપદે સુરજ મંડપવાળા જીતુભાઈ પટેલની વરણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦

રાજકોટ શહેરમાં મંડપ સર્વિસને લગતા વેપારી મિત્રોનું સંગઠન પરાજકોટ મંડપ કોન્ટ્રાકટર એસોસિએશનની કારોબારી મિટિંગ તાજેતરમાં હોટલ ઇમ્પીરીયલ ખાતે મળી હતી. જેમાં સર્વાનુમતે નવા હોદેદારોની વરણી કરવામાં આવતા ચેરમેન તરીકે દીપકભાઇ પટેલ (ગણેશ મંડપ સર્વીસ), પ્રમુખ તરીકે જીતુભાઇ પટેલ (સુરજ મંડપ), ઉપપ્રમુખ તરીકે શૈલેષભાઇ દેસાઇ (ઉમિયાજી મંડપ) અને અશોકભાઇ લુણાગરીયા (ખોડલ મંડપ), મંત્રી તરીકે ચેતનભાઇ ગણાત્રા (જય અંબે મંડપ) તેમજ સહમંત્રી તરીકે દેવાંગભાઇ કોટેચા (જગદીશ મંડપ) ની વરણી કરવામાં આવી હતી. નવનિયુકત પ્રમુખ જીતુભાઇ પટેલ અને તેમની ટીમે આગામી સમયમાં વ્યવસ્થાને લગતા પ્રશ્નો તેમજ સંગઠન મજબુત બનાવવા ઉપર ભાર મુકયો હતો. જનરલ મીટીંગ આગામી તા. ૪ ના સાંજે ૫.૩૦ વાગ્યે પૂ. રણછોડદાસબાપુ કોમ્યુનીટી હોલ, આનંદનગર મેઇન રોડ, જલજીત હોલની સામે રાખવામાં આવેલ હોવાની આ તકે જાહેરાત કરી હતી.

# કેસ શરૂ થયા પહેલા વચગાળાનું ભરણપોષણ ચુકવવા કોર્ટનો હુકમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦



એડવોકેટ અજય ચૌહાણ

ભરણપોષણ મેળવવા માટેની અરજીમાં કેસ શરૂ થયા પહેલા પત્ની અને તેની સગીર પુત્રીને વચગાળાનું ભરણ પોષણ ચુકવવાનો ફેમિલી કોર્ટએ હુકમ ફરમાવ્યો હતો. આ કેસની હકીકત મુજબ, નાનામવા મેઈન રોડ ઉપર આવેલા રાજનગર વિસ્તારમાં રહેતી કોમલબેનના લગ્ન રાજકોટ મુકામે પ્રકાશભાઈ જોષી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન દંપતી વચ્ચે અણબનાવ બનતા તેણીની તબિયત બગડતા તેના માવતરે ચાલી ગઈ હતી. બાદમાં તેણીની પુત્રીને પણ ઘર બહાર કાઢી મુકતા તે તેની માતા પાસે ચાલી ગઈ હતી. જેથી પરિણીતાએ ફેમિલી કોર્ટમાંથી પતિ પાસેથી ભરણ પોષણની રકમની માંગ કરતી અરજી કરેલ હતી અને મૂળ અરજી સાથે કેસ શરૂ થયા પહેલા પતિ પાસેથી વચગાળામાં ભરણપોષણની માંગ કરતી અરજી પોતાના વકીલ મારફતે કરેલ હતી. જે વચગાળાની અરજી ચાલવા પર આવતા પરિણીતાના વકીલે કરેલી દલીલોને કોર્ટે ધ્યાને લઈ પત્નીને કેસ ચાલે તે સમય દરમિયાન વચગાળામાં અરજીની દાખલ તારીખથી માસિક અરજદાર રૂા.૩,૫૦૦ અને સગીર પુત્રીને રૂા.૨,૦૦૦ લેખે કુલ મળીને રકમ રૂા, ૫,૫૦૦ ભરણપોષણ પેટે ચુકવવા હુકમ કર્યો છે. અને કેસની નવી તારીખ મુકરર કરેલ છે અને આ રકમ અરજીની તારીખથી મળતા અરજદારને કેસ ચાલુ થયા પહેલા પતિ પાસેથી રૂા. ૧,૦૪,૫૦૦ ની ચડત ભરણપોષણની રકમ વસુલવા હકકદાર બનેલ છે.

આ કેસમાં એડવોકેટ અજય એમ. ચૌહાણ, ડેનિશ જે. મહેતા અને તુષાર ડી. ભલસોડ રોકાયા હતા.

# કુવામાં ખાબકેલા દીપડાનું રેસ્કયુ

(ગીરીશ પટેલ દ્વારા)
માણાવદર, તા.૩૦

માણાવદરના ગણા ગામે અચાનક ચઢી આવેલ દીપડો કુવામાં પડી ગયેલો જેની જાણ આરએફઓ શ્રી ચાવડા તથા ટીમે કરતા તત્કાળ રેસ્કયુ કરી કાઢી કામગીરી કરી હતી.



# મહુવામાં સોમવારથી તુલસી જન્મોત્સવની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
તલગાજરડા, તા.૩૦



પૂ.મોરારિબાપુના સાનિધ્યમાં વાલ્મિકી, વ્યાસ અને તુલસી એવોર્ડ અપાશે

ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં માલણ નદીને કિનારે આવેલા કૈલાસ ગુરૂકુળ ખાતે પૂ.મોરારીબાપુની સન્નીધ્ધિમાં રામચરિત માનસ સહિતના ગ્રંથોના રચનાકાર સંત તુલસીદાસજીના જન્મોત્સવ નિમિત્તે આગામી તા.૧ થી ૪ ઓગસ્ટ (સોમ થી ગુરૂ) દરમિયાન તુલસી જન્મોત્સવ સાથે કૈલાસ ગુરૂકુળના આદ્ય શંકરાચાર્ય સંવાદ ગૃહમાં વાલ્મીકિ,વ્યાસ અને તુલસી એવોર્ડની અર્પણ વિધિનો કાર્યક્રમ યોજાશે.

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ આ તુલસી પર્વમાં તા.૧ થી ૩ ઓગસ્ટ સુધી દેશભરના અલગ-અલગ પ્રાંતોમાંથી આવેલા કથાના વાંચકો ગાયકો દ્વારા પ્રવચનો થશે. દર વર્ષે રામાયણ,મહાભારત, ગીતા, પુરાણ,પ્રવચન-અધ્યયન અને સંશોધન-પ્રકાશનમાં જીવન સમર્પિત કરનાર દેશ વિદેશના વિદ્વાનો ઉપરાંત સંસ્થાઓનું વડે સન્માન કરવામાં આવે છે. જેમાં ૨૦૨૨ ના વર્ષના ત્રણેય એવોર્ડની અર્પણ વિધિ તા.૪ ને ગુરૂવારે સવારે ૯ વાગે થશે.

આ વર્ષના વરિષ્ઠ વિદ્વાનોમાં વાલ્મીકિ એવોર્ડ શ્રી માધવાચાર્યજી મહારાજ (અયોધ્યા), વિજય શંકર દેવશંકર પંડ્યા (અમદાવાદ), સ્વ.રામાનંદ સાગર (મુંબઈ) તથા વ્યાસ એવોર્ડ પૂ. શરદભાઈ વ્યાસ (ધરમપુર), આચાર્ય ગોસ્વામી શ્રી મૃદુલ કૃષ્ણજી મહારાજ (વૃંદાવન) તેમજ તુલસી એવોર્ડ સુશ્રી રામબેન હરિયાણી (જયપુર), શ્રી મુરલીધરજી મહારાજ (ઓમકારેશ્વર) અને મહંત શ્રી રામ હ્રદયદાસજી (ચિત્રકૂટધામ સતના મધ્યપ્રદેશ) ને એવોર્ડમાં વંદનાપત્ર, સૂત્રમાલા, શાલ અને રૂપિયા સવા લાખની સન્માન રાશિ અર્પણ કરીને પૂ.મોરારીબાપુ દ્વારા વંદના કરવામાં આવશે. તેમ જણાવ્યું છે.

# મની લેન્ડીંગ કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૦



એડવોકેટ હિતેષ ભાયાણી

રાજકોટ માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં આરોપી ભૈલુભાઈ ઉર્ફે નારણભાઈ લક્ષ્મણભાઈ જરીયા, કૃણાલભાઈ ઉમેદભાઈ જરીયા તથા કેવલભાઈ ઉમેદભાઈ જરીયા વિરૂધ્ધ મની લેન્ડીંગ એકટની કલમ ૫, ૪૦, ૪૨ મુજબ નોંધાયેલ ફરિયાદનો કેસ ચાલી જતા આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવા કોર્ટ હુકમ ફરમાવ્યો છે.

આ કેસની ટૂંકમાં વિગત એવી છે કે, ફરિયાદી ગોપાલભાઈ છોટાભાઈ ગતીયાએ આરોપી પાસે અલગ અલગ સમયે મળી કુલ રૂા ૧૧,૦૦,૦૦૦ માસીક ૧૫ ટકા વ્યાજે લીધેલા અને આરોપીઓના નામ જોગ પ્રોમિસરી નોટો કરી આપેલ અને આરોપીઓએ સહી કરાવી કોરા ચેક લઈ લીધેલા. આરોપીઓ પઠાણી ઉઘરાણી કરતા હોય ફરીયાદે કટકે કટકે તેમજ તેમના દાગીના પર લોન લઈ અને મકાન વહેચીને આરોપીઓને રૂા. ૨૨,૦૦,૦૦૦ ચુકવી આપેલ. છતા વધુ રકમની માંગણી કરતા અને હેરાન પરેશાન કરવા સબબ માલવીયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ બાદ તપાસ કરનાર અમલદારે પુરતો પુરાવો મેળવી કોર્ટમાં ચાર્જશીટ કરેલ. ત્યારબાદ આ કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદ પક્ષ તરફથી મૌખીક પુરાવાઓ રજુ રાખતા જેમાં ફરિયાદીને તપાસવામાં આવેલ બાદ એડવોકેટ હિતેષ ભાયાણી દ્વારા કરવામાં આવેલ. ઉલટ તપાસમાં ફરીયાદી ફરીયાદથી વિપરીત કબુલાત કરેલ. બાદ આરોપીઓને જવાબ લેવામાં આવેલ હોય ફરિયાદી તથા આરોપી પક્ષે દલીલ કરવામાં આવેલ. સાથે સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના જુદા જુદા ચુકાદાઓ રજુ કરી આરોપીઓને ચુકાદાના આધારે તથા રેકર્ડ પરની હકીકત ધ્યાને લઈ આરોપીઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ. જે ધ્યાને લઇ કોર્ટે આરોપીઓ ભૈલુભાઈ ઉર્ફે નારણભાઈ લક્ષ્મણભાઈ જરીયા, કૃણાલ ઉમેદભાઈ જરીયા તથા કૈવલ ઉમેદભાઈ જરીયાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ તરીકે હિતેષ આર. ભાયાણી, કોમલ કોટક તેમજ લીગલ આસીસ્ટન્ટ તરીકે ખુશી પંડયા, પ્રદિપસિંહ ચૌહાણ તેમજ દર્શિત પાડલીયા રોકાયા હતા.

# યાત્રાધામ વીરપુરમાં હોમિયોપેથી મેડિકલ કેમ્પ યોજાયો

(કિશન મોરબીયા દ્વારા)
વીરપુર, તા.૩૦



સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુર કે જ્યાં અનેક નાનામોટા સેવાના કાર્યો થતા રહે છે જેમાં શ્રી રામ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ વીરપુર દ્વારા તાજેતરમાં શ્રી માનકેશ્વર મહાદેવના મંદિર ખાતે હોમિયોપેથી મેડિકલ કેમ્પ યોજાયો હતો. દીપપ્રાગટ્ય જે.કે.નિમ્બાર્ક સાહેબે આ કેમ્પને ખૂલ્લો મુક્યો હતો. આ કેમ્પમાં ડો.અંજલીબેન અગ્રાવત જેતપુર તેમજ બે આસીસ્ટન્ટ ડોક્ટર દ્વારા ૧૭૦ જેટલા દર્દીઓને વિનામૂલ્યે ચેકઅપ કરીને દવા આપવામાં આવી હતી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રામવનને ખુલ્લું મુકવા રાજકોટ મનપા તંત્ર દ્વારા પ્રયાસો શરૂ






# 'રામવન' તૈયારઃ શ્રાવણ માસમાં લોકાર્પણ

### આજી ડેમની બાજુમાં ૪૭ એકર જગ્યામાં રૂ.૭.૬૮ કરોડના ખર્ચે અર્બન ફોરેસ્ટ પ્રોજેક્ટનું કામ પૂર્ણ

### ૨૩ શિલપ્રકૃતિઓ દ્વારા ભગવાન શ્રીરામના જીવનને આબેહુબ અનુભવવાનો લોકોને મળશે અમુલ્ય લ્હાવો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

રાજકોટ મહાનગરમાં ફરવાના સૌપ્રથમ ગણાતા સ્થળ આજી ડેમ બાજુમાં જ વિશાળ ૪૭ એકર જગ્યામાં અર્બન ફોરેસ્ટના નિર્માણનો પ્રોજેકટ પૂર્ણ થઇ ગયો છે. આ યોજનામાં રામવનની થીમ જોડવામાં આવતા ૭.૬૮ કરોડના ખર્ચે અર્બન ફોરેસ્ટ અને ૧.૬૧ કરોડના ખર્ચે થીમ આધારીત સ્કલ્પચર બનાવવાનું કામ પૂર્ણ થતા મહાનગરના આ વિશાળ અને આકર્ષક પ્રોજેકટનું વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ઉદઘાટન કરાવવા મહાપાલિકા તંત્ર દ્વારા પ્રયાસો શરૂ કરાયા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ રૂબરૂ ઉપસ્થિત રહે અને વડાપ્રધાન વર્ચ્યુઅલ ઉદઘાટન કરે તે માટેના પ્રયાસો સાથે શ્રાવણ માસમાં જ લોકોને આ ભેટ મળી જશે. આજીડેમ ઉપરાંત વિશાળ પ્રદ્યુમન પાર્ક અને હવે રામવન સાથે પૂર્વ ઝોનમાં આકર્ષક નઝરાણુ બનાવાયું છે. શ્રીરામના વનવાસ સહિતના પૂરા જીવન ચરિત્ર પ્રસંગોને જીવંત કરતા સ્કલ્પચર લોકોને વન પ્રવાસ કરાવશે. ૩.૪ કિ.મી.ના રસ્તા, અઢી કિ.મી.ની કમ્પાઉન્ડ વોલ, બે તળાવ, પાથ-વે, કુદરતી પાણીના સ્ત્રોતોનું નવીનીકરણ, સોલાર લાઇટ, રામસેતુ, એક બ્રીજ, ૬ ગજેબો, પ્લે ગ્રાઉન્ડ, એમ્ફી થીયેટર, રાશીવન, આર્ટ બેંચીઝ વગેરે આકર્ષણ ફોરેસ્ટમાં ઉભા કરવામાં આવ્યા છે.

જુદા-જુદા ૨૩ સ્કલ્પચરનું કામ કરવામાં આવ્યું છે જેમાં ભવ્ય ગેટ, રામ,લક્ષ્મણ,સીતા,હનુમાનજીની પ્રતિમાઓ, જટાયુ દ્વાર, શબરી, જુદા જુદા મિલાપ પ્રસંગો, ચાખડી, રામરાજય અભિષેક, યોગ કરતા બાળકો વગેરે સ્કલ્પચર જીવંત કરાયા છે. મેયર ડો.પ્રદીપ ડવ દ્વારા આ પ્રોજેકટનું વડાપ્રધાન લોકાર્પણ કરે તેવા પ્રયાસો કરી રહ્યા છે. નોંધનીય છે કે, ગત તા. ૯-૭-૨૦ના રોજ પૂર્વ સ્ટે.ચેરમેન ઉદયભાઇ કાનગડે અર્બન ફોરેસ્ટ કામનો કોન્ટ્રાકટ સ્ટે.કમિટીમાં મંજૂર કર્યો હતો. તે બાદ થોડા સમય પૂર્વે વર્તમાન ચેરમેન પુષ્કર પટેલે સ્કલ્પચર પ્રોજેકટ મંજૂર કર્યો હતો. જેમાં રામવન સામેલ થયું છે. આમ આ યોજના રાજકોટના જોવા લાયક સ્થળોમાં ટોચ પર સ્થાન પામે તેવું હાલ લાગી રહ્યું છે.



# ૧૨મી ઓગસ્ટથી મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ



### નામ ઉમેરવા, કમી કરવા, નામ કે સરનામા સુધારવા સહિતની કામગીરી થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

ગુજરાત મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા રાજ્યમાં મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ૧૨મી ઓગસ્ટથી શરૂ થવા જઈ રહ્યો છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં આ કાર્યક્રમ શરૂ કરવા માટે તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

રાજયના મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં જણાવ્યા પ્રમાણે, રાજકોટ જિલ્લામાં આગામી ૧૨મી ઓગસ્ટે સંકલિત મતદાર યાદી મુસદ્દાની પ્રસિદ્ધિ થશે. ત્યારબાદ ૧૨મી ઓગસ્ટથી ૧૧મી સપ્ટેમ્બર સુધીમાં નાગરિકો પોતાના હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકશે. આ દરમિયાન ચાર રવિવારે ચૂંટણી તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. જે અંતર્ગત ૨૧મી ઓગસ્ટ, ૨૮મી ઓગસ્ટ, ૪ સપ્ટેમ્બર તથા ૧૧ સપ્ટેમ્બરના રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત વિવિધ મતવિસ્તારો તથા બૂથમથકો પર સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ થશે. જ્યાં નાગરિકો મતદાર યાદીમાં નામ ઉમેરવા, કમી કરવા, નામ કે સરનામા સુધારવા, નવા મતદારોની નોંધણી સહિતની કામગીરી કરાવી શકશે. નાગરિકોએ કરેલા હક્ક-દાવા અને વાંધા અરજીઓનો ૨૬મી સપ્ટેમ્બર સુધીમાં નિકાલ કરવામાં આવશે. ત્યારબાદ ૪ ઓક્ટોબર સુધીમાં મતદાર યાદીના હેલ્થ પેરામીટર્સની ચકાસણી કરાશે, તેમજ આખરી પ્રસિદ્ધિ માટે ચૂંટણી પંચની પરવાનગી મેળવાશે. એ દરમિયાન ડેટાબેઝમાં અપડેટ તેમજ પૂરવણી યાદીઓ પણ જનરેટ કરવામાં આવશે. ૧૦મી ઓક્ટોબરના રોજ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી




# શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને ફૂટના દિવ્ય વાઘાનો શણગાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સાળંગપુર, તા.૩૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત સાળંગપુરધામમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિતે આજે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની શુભ પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી એવં પૂજારી સ્વામીની અથાગ મહેનતથી શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘા એવં ફ્રૂટના શણગાર ધરાવવામાં આવેલ તથા સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા ૭ કલાકે શણગાર આરતી એવં બપોરે ૧૧:૧૫ કલાકે ફળોત્સવ અન્નકૂટ આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)



# શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય શિવજી સ્વરૂપ વાઘાનો શણગાર

### ૨૭ ઓગસ્ટ સુધી વિશ્વશાંતિ હનુમાન ચાલીસા અને હનુમંત મંત્ર યજ્ઞનું આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સાળંગપુર, તા.૩૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત સાળંગપુરધામમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિતે તા.૨૯ને શુક્રવારના રોજ પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની શુભ પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી એવં પૂજારી સ્વામીની અથાગ મહેનતથી શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય શિવજી સ્વરૂપ વાઘા ધરાવવામાં આવેલ તથા સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ સ્વામીજી દ્વારા પ્રસાદીભૂત શ્રી નિલકંઠ મહાદેવજી મંદિરમાં પૂજન-અભિષેક-આરતી કરવામાં આવેલ.

પવિત્ર શ્રાવણ માસ નિમિતે ગઇકાલે તા.૨૯થી તા.૨૭ ઓગસ્ટ સુધી વિશ્વશાંતિ હનુમાન ચાલીસા અને હનુમંત મંત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. સ્વામીજી દ્વારા પૂજન-આરતી કરાવી પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. જેમાં બ્રાહ્મણો દ્વારા મંત્રો- યજ્ઞ-પૂજા પાઠ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ દરમિયાન કરવામાં આવશે. તેમજ સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ નિમિતે દિવ્ય સત્સંગનું સાંજે ૫:૩૦ થી ૬:૩૦ કલાક દરમિયાન આયોજન કરવામાં આવેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

# કાલે 'મન કી બાત વીથ ટિફિન બેઠક કે સાથ' કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે, દર માસના અંતિમ રવિવારે નરેન્દ્રભાઈ મોદી આ કાર્યક્રમ દ્વારા પોતાના વિચારો શેર કરે છે. આ કાર્યક્રમમાં લોકો પોતાના વિચારો રજુ કરે છે. દેશભરમાંથી બાળકો તથા અન્ય નાગરિકો પોતાના વિચાર વડાપ્રધાનને મોકલે છે. પસંદ કરેલા વિચારોને આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મન કી બાત દ્વારા લોકો સાથે સીધો સંવાદ પ્રસ્થાપતિ કરે છે. ત્યારે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ આવતીકાલે તા.૩૧ના રોજ સવારે ૧૧ કલાકે મન કી બાત વીથ ટિફિન બેઠક કે સાથ કાર્યક્રમ યોજાશે. જેમાં શહેરના તમામ બુથોમાં શક્તિકેન્દ્રમાં મન કી બાત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ટિફિન બેઠક યોજાશે. આ ટિફિન બેઠકમાં અગ્રણીઓ દ્વારા જે-તે શક્તિકેન્દ્રમાં કાર્યકર્તાઓ સાથે આગામી કાર્યક્રમો અને વિવિધ સંગઠનાત્મક બાબતો અંતર્ગત ચર્ચા-પરામર્શ કરવામાં આવશે.



# મેન્ગવ-ચેર વનસ્પતિના પર્યાવરણ મહત્વ અને સંરક્ષણ અંગે ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય પરિષદ યોજાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

ડો. રીના દવેની યાદી મુજબ સમગ્ર વિશ્વમાં મેન્ગવ - ચેર વનસ્પતિના સંરક્ષણ માટે તા.૨૬ના આંતરરાષ્ટ્રીય ચેર દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા દરિયા કિનારે ઉગતી મેન્ગવ - ચેર વનસ્પતિના પર્યાવરણ અને સંરક્ષણના મહત્વ અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી બે દિવસીય રાષ્ટ્રિય વર્કશોપનું આયોજન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કરાયું હતું. જીઈસી દ્વારા આયોજીત કોસ્ટલઝોન મેનેજમેન્ટ પોલીસી ટુ એકશન કોન્ફરન્સ અંતર્ગત મેન્ગવ ચેર સંરક્ષણ અને પોલીસી કેમ વર્કના નિર્દેશન દરમ્યાન બોટનીકલ એડવાન્સ એસોસિએશન ગુજરાતના સર્વે કારોબારી સભ્યો તથા તજજ્ઞો દ્વારા મેન્ગવચેર વનસ્પતિના સંરક્ષણ હેતુ જે પ્રયાસો પર્યાવરણ સુરક્ષાના પ્રયત્નો હાથ ધરી શકાય તે માટેના સુચનો અને માર્ગદર્શિતા તૈયાર કરી જીઈસીના સેક્રેટરી મહેશ સીંગને સુપ્રત કરવામાં આવેલ. આ તબકકે બાગના પ્રેસીડેન્ટ એન.કે. પટેલ, ડો.બી.એ. મલા, ડો. અલ્પના શુકલ, ડો. ધર્મેન્દ્ર શાહ, ડો. નરશીટ પટેલ, ડો. એસ.કે. પટેલ, ડો. પી.કે. પટેલ, ડો. રાજેશ રવૈયા, ડો.કલ્પેશ સોરઠીયા તથા એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજના બાયોલોજી વિભાગના અધ્યક્ષ ડો. રીનાબેન દવેએ પર્યાવરણ જાગૃતિ અંગેના રાષ્ટ્રીય પરિષદમાં સક્રિય ભૂમિકા ભજવી હતી અને મેન્ગવ - ચેર વનસ્પતિના જતન માટે ઉપયોગી સુચનો કર્યા હતા તેમ ડો. રીનાબેન દવેની યાદીમાં જણાવાયું છે.(૧૩)

# કાલથી આર્ય સમાજ માયાણીનગર ખાતે સામવેદ પારાયણ મહાયજ્ઞનો પ્રારંભ

### તા.૭ ઓગસ્ટ સુધી સવારે ૭:૩૦ થી ૯:૩૦ તથા સાંજે ૪:૩૦ થી ૬:૩૦ દરમ્યાન યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૦

આર્ય સમાજ, હાથીખાના, મહર્ષિ દયાનંદ સરસ્વતી માર્ગ રાજકોટ દ્વારા શ્રાવણી પર્વ નિમિતે દરવર્ષે યોજાતા વેદ સપ્તાહ દરમ્યાન આ વર્ષે આર્ય સમાજ માયાણીનગર ખાતે આવતીકાલે તા.૩૧ થી તા.૭ ઓગસ્ટ સુધી સવારે ૭:૩૦ થી ૯:૩૦ તથા સાંજે ૪:૩૦ થી ૬:૩૦ સુધી સામવેદ પારાયણ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સામવેદ પારાયણ મહાયજ્ઞમાં તા.૩૧-૭ થી ૪-૮ સુધી પૂ. અજયજી આર્ય (હરિયાણા) તેમજ પૂ.સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક (ગુજરાત) તા.૫-૮ થી ૭-૮ સુધી બ્રહ્મ સ્થાને બિરાજશે અને આગવી શૈલીમાં અમૃતવાણીથી વૈદિક પ્રવચન આપશે.

આ વેદકથાનો લાભ લેવા દરેક આર્ય પરિવારનાં સભ્યો. સદસ્યો તથા જાહેર જનતાને આર્ય સમાજનાં પ્રમુખ રણજીતસિંહ પરમાર દ્વારા ભાવભર્યું આમંત્રણ આપવા આવ્યું છે. તેમ યાદીમાં જણાવ્યું છે.

# પૂજય શ્રી માલદેવ રાણા કેશવાલા બાપુની ૧૩૮મી જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલિ કાર્યક્રમ


### ૪ ઓગસ્ટેને ગુરૂવારે સવારે ૧૦:૧૫ અને ૧૦:૪૫ એ પોરબંદર ખાતે આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

પોરબંદર, તા.૩૦

પોરબંદરમાં શ્રી ઈન્ટરનેશનલ મહેર સુપ્રીમ કાઉન્સીલ પરિવાર દ્વારા મહેર સમાજના સંત શિરોમણી અને જ્ઞાતિના મજબુત સંગઠન અને શિક્ષણની જ્યોત જગાડનાર જ્ઞાતિના કર્મઠ શિલ્પી પૂજ્ય શ્રી માલદેવ રાણા કેશવાલા (પૂજ્ય બાપુ)ની ૧૩૮ મી જન્મજયંતિ નિમિતે પૂજ્ય બાપુના જ્ઞાતિ હિતના કરેલા કાર્યોને યાદ કરી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા.૪ ઓગસ્ટને ગુરૂવારના રોજ સવારે ૧૦:૧૫ કલાકે માલદેવ રાણા ચોક અને સવારે ૧૦:૪૫ કલાકે શ્રી માલદેવ રાણા કેશવાલા મહેર સમાજ ઝુંડાળા પોરબંદર ખાતે પૂજ્ય માલદેવ બાપુની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે. આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં સમસ્ત મહેર સમાજના ભાઈ- બહેનો તેમજ યુવા વર્ગને પધારવા વિમજીભાઈ આડેદરા, ડો. વિરમભાઈ ગોઢાણીયા, ભરતભાઈ ઓડેદરા, શ્રી માલદેવ રાણા કેશવાલા મહેર સમાજ શ્રી માલદેવ રાણા મહેર પ્રમુખ અને ટ્રસ્ટીઓ દ્વારા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.(૧૩)






અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# રાજકોટ નજીક પશુઓના મૃતદેહોના ઢગલા, શું લમ્પી વાઈરસથી મોત?



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૩૦

હાલ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં લમ્પી વાઇરસ હાહાકાર મચાવી રહ્યો છે. લમ્પી વાયરસને કારણે રાજ્યમાં અત્યાર સુધીમાં મોટી સંખ્યામાં પશુના મોત થયાં છે. ત્યારે રાજકોટના માલિયાસણ ગામ પાસે મોટા પ્રમાણમાં પશુઓના મૃતદેહોના ઢગલા જોવા મળતા ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. રાજકોટ શહેરમાં મૃત્યુ પામતા પશુઓના મૃતદેહ અહીં નાખવામાં આવતા હોવાનો ગ્રામજનોએ દાવો કર્યો છે. અસંખ્ય પશુઓના મોત પાછળ લમ્પી વાયરસ કારણભૂત છે કે અન્ય કોઈ કારણ તે તપાસનો વિષય છે. હાલ તો મ્યુનિ.ની ટીમ માલિયાસણ ગામ પાસે પશુઓના મૃતદેહો પડ્યા છે ત્યાં પહોંચી હતી.

સ્થાનિકો લોકોના જણાવ્યા મુજબ લમ્પી વાયરસથી ૨૦૦ ગાયના મૃતદેહ અહીં આવ્યા છે. રાજકોટ મનપાએ જ આ જગ્યા પશુઓના પશુઓના મૃતદેહો માટે ફાળવી છે. પરંતુ મનપાની ટીમ અને અન્ય લોકો મૃતદેહોની દટાવાને બદલે એમ ને એમ મૂકીને જતા રહે છે. આજે મનપાની ટીમ સાંજે દોડી આવી અને જેસીબીની મદદથી ઊંડા ખાડા કરી પશુઓના મૃતદેહોને દાટવામાં આવી રહ્યા છે. પશુના મૃતદેહ પર મૃતદેહ એમ ઢગલાબંધ મૃતદેહો જોવા મળ્યા હતા. પશુઓના મૃતદેહો શ્વાનો ખાતા નજરે પડ્યા હતા. તેમજ હાડપિંજરના તો ઠેર ઠેર રીતસરના ખડકલા જોવા મળ્યા હતા. રાજકોટમાં મૃત્યુ પામતા પશુઓના મૃતદેહો અહીં જ નાખવામાં આવે છે. પરંતુ છેલ્લા એક અઠવાડિયામાં પશુઓના મૃતદેહો એટલા પ્રમાણમાં વધી ગયા છે કે, માલિયાસણ ગામ અને આજુબાજુના ગામડાના લોકો ત્રાસી ગયા છે. ગ્રામજનોમાં આક્રોશ પણ જોવા ૦મળ્યો હતો. ગ્રામજનોએ રોગચાળો ફાટી નીકળે તેવી ભીતિ વ્યક્ત કરી હતી. હાલ મનપાની ટીમ પણ આ પશુઓના મૃતદેહો દાટી રહ્યા છે.

## રાજકોટ જિલ્લામાં લમ્પી વાઈરસથી સત્તાવાર ૨૨ પશુનાં મોત

રાજકોટ જિલ્લામાં અત્યારસુધીમાં ૧૬૭૮ પશુ સંક્રમિત થયાનું સામે આવ્યું છે. જ્યારે પડધરી, લોધિકા, જસદણ, ગોંડલ સહિત ૨૭૬ ગામોમાં લમ્પી વાઇરસનું સંક્રમણ ફેલાઇ ગયું છે અને રાજકોટ જિલ્લામાં આજની સ્થિતિએ લમ્પીથી ૨૨ ગાયનાં મોત થયાંની સામે આવ્યું છે.

### લમ્પી વાયરસ સામે રાજકોટ જિલ્લા પંચાયત તંત્ર સજ્જ

## પશુપાલકો અને ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી, હિંમત આપતા બોદર



### રાજકોટ જિલ્લામાં પશુપાલન વિભાગની ૪૯ ટીમ તથા રાજકોટ જીલ્લા પંચાયતની સમગ્ર ટીમ ફિલ્ડમાં

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૩૦

ગુજરાતમાં પાછલા કેટલાક દિવસથી પશુઓમાં લમ્પી વાયરસ જોવા મળી રહ્યો છે,જેનો પગપેસારો રાજકોટ જિલ્લાના કેટલાક વિસ્તારમાં જોવા મળ્યો છે આ તકે રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપત બોદરે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લા પંચાયતના પશુપાલન વિભાગ દ્વારા ૪૯ ટીમોને રસીકરણ અને પશુઓની સારવાર માટે ફિલ્ડમાં ખેડૂતો અને પશુપાલકોની વચ્ચે ઉતારવામાં આવી છે.રાજ્ય સરકાર દ્વારા સતત ખેડૂતો અને પશુપાલકોની ચિંતા કરી રાજકોટ જિલ્લા માટે લમ્પી ૩૨૦૦૦ ડોઝ ફાળવેલ છે.જેની ફાળવણી તાલુકા કક્ષાએ જરૂરિયાત મુજબ કરવામાં આવી છે.હજુ આગામી ૩ દિવસમાં રાજકોટ જીલ્લા માટે સરકાર તરફથી ૭૫૦૦૦ ડોઝ ફાળવવામાં આવનાર છે.જેથી રાજકોટ જિલ્લાના કોઈપણ પશુપાલકોએ ચિંતા કરવાની જરૂર નથી.લમ્પી વાયરસ બાબતે ખેડૂતો અને પશુપાલકો પોતાના તાલુકાના વેટરનરી ઓફિસર તથા જે તે વિસ્તારના સદસ્યનો સંપર્ક કરી શકશે.વધુમાં જણાવ્યું હતું કે, લમ્પી વાયરસ સામે તમામ પ્રકારે લડવા જિલ્લા પંચાયતની સમગ્ર ટીમ સજ્જ છે. લમ્પી વાઈરસ સામેની લડતમાં રાજકોટ જીલ્લા પંચાયત જીલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર ,ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા,શાસક પક્ષ નેતા વિરલભાઈ પનારા તથા દંડક અલ્પાબેન તોગડિયા અને સમગ્ર જીલ્લા પંચાયતની ટીમ સતત કાર્યરત છે.

### રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં ૨૧ એમ્બ્યુલન્સ કાર્યરતઃ ૪ વધારાશે

રાજકોટઃ રાજકોટ જિલ્લા પંચાયતના પશુપાલન વિભાગ દ્વારા ૪૯ ટીમોને રસીકરણ અને પશુઓની સારવાર માટે ફિલ્ડમાં ઉતારી દેવામાં આવી છે. ઉપરાંત હાલ રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં ૨૧ એમ્બ્યુલન્સ કાર્યરત છે જેમાં ૪ એમ્બ્યુલન્સનો ઉમેરો કરવામાં આવશે.

## મનપા તંત્રને ખડેપગે રહેવાની સુચના આપતા ડે.મેયર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા. ૩૦ :



રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં પશુઓમાં લમ્પી કેસમાં સતત વધારો થતાં પશુપાલકો ભારે ચિંતા પ્રસરી છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં લમ્પી વાયરસનો કહેર વર્તાઈ રહ્યો છે. જેને લઈને ગાય જેવા દુધાળા પશુઓના મૃત્યુમાં વધારો થઇ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં લમ્પી વાયરસના ૮૬૬ જેટલા નવા કેસ નોંધાતા રાજયનો પશુપાલન વિભાગ દોડતો થઇ ગયો છે. ગાયોને લમ્પી વાયરસથી બચાવવા માટે મોટા ભાગના જિલ્લાઓમાં વેક્સિનેશન હાથ ધરવામાં આવ્યું છે. ઉપરાંત પશુઓના મૃતદેહને ગમે ત્યા નાખી જવાની ફરિયાદો ઉઠવા પામી છે. મૃતદેહોને દાટી યોગ્ય રીતે ન કરવામાં આવતા સ્થાનિક લોકો દુર્ગંધથી પરેશાન થયા છે.

ત્યારે આ મામલે ડે.મેયર દર્શીતાબેન શાહે જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં પણ પશુઓનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. હાલ રાજકોટમાં આ સપ્તાહ દરમિયાન સવારે ૮ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા દરમિયાન પશુપાલકો નંબર ૯૯૨૫૪૨૩૯૭૫ પર મનપાનો સંપર્ક કરી શકે છે. મનપા દ્વારા વેક્સિનેશન માટે ૨૦ ટીમ બનાવાઈ છે. અમારો એવો લક્ષ્યાંક છે કે આ એક સપ્તાહમાં અમે સમગ્ર રાજકોટમાં ૧૦૦% પશુઓનું રસીકરણ પૂર્ણ કરીશું. તેમજ પશુઓના મૃતદેહની દાટવા માટે લોઠડામાં જમીન ફાળવવામાં આવી છે અને ત્યાં મનપા તંત્ર દ્વારા જેસીબી જેવા સાધનો સહિત મનપાની ટીમોને કામે લગાડવામાં આવી છે. જે મૃત પશુઓનો નીકાલ કરશે જે માટે ડે.કમિશનર અને પર્યાવરણ અધિકારીને પણ વિગતો ધ્યાને મુકીને મનપા સ્ટાફ મુકવામાં આવ્યો છે. જેના દ્વારા મૃત પશુઓને જેસીબી દ્વારા ખાડાઓ ગારીને મીઠું નાખીને દાટવામાં આવશે. ઉપરાંત જીલ્લા પશુપાલન અધિકારીને કરૂણા એમ્બ્યુલન્સ વધારવા માટે પણ ભલામણ કરવામાં આવી છે.

### અત્યાર સુધીમાં ૮૫,૨૨૮ પશુઓમાં વેક્સિનેશન થયું

હાલ રાજકોટ જિલ્લામાં પડધરી, લોધિકા, જસદણ, ગોંડલ તેમજ રાજકોટ તાલુકા વિસ્તારમાં કેસ વધુ જોવા મળતા મળે છે. આ વિસ્તારોમાં ૪૯ ટીમો દ્વારા વેક્સિનેશન કરવામાં આવી રહ્યું છે. જિલ્લામાં અત્યારસુધીમાં ૮૫,૨૨૮ પશુઓનું વેક્સિનેશન કરાયું છે. રાજકોટ શહેરમાં પણ પશુઓનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. હાલ રાજકોટમાં આ સપ્તાહ દરમિયાન સવારે ૮ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા દરમિયાન પશુપાલકો નંબર ૯૯૨૫૪૨૩૯૭૫ પર મનપાનો સંપર્ક કરી શકે છે. મનપા દ્વારા વેક્સિનેશન માટે ૨૦ ટીમ બનાવાઈ છે. અમારો એવો લક્ષ્યાંક છે કે આ એક સપ્તાહમાં અમે સમગ્ર રાજકોટમાં ૧૦૦% પશુઓનું રસીકરણ પૂર્ણ કરીશું.

### મનપાએ માલીયાસણ ખાતે અધિકારીઓને દોડાવ્યા

માલિયાસણ ગામ પાસે પશુઓના મૃતદેહોની દાટવા અધિકારીઓને મોકલ્યા હોવાનું પણ સામે આવ્યું છે. માલિયાસણ અને આજુબાજુના ગામડામાં રોગચાળો ફાટી નીકળે નહીં તે માટે કોર્પોરેટર ગ્રામજનોની વ્હારે આવ્યા છે. પશુઓના મૃતદેહોના ઢગલાથી વિસ્તાર ગંદકી અને દુર્ગંધમય બન્યો છે.

# ક્રાઈમ બ્રાન્ચને મળશે ફરી નવી ઓળખ??: જુના ડાઘ દૂર થયા નથી ત્યાં નવા કાંડ કરનાર પર લગામ જરૂરી



### ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ કે.ડી.પટેલ પર મોટા પ્રમાણમાં આક્ષેપો પાછળનું કારણ શું : આક્ષેપો એમનમ ન થઇ શકે

## પો.કમિશનરે ક્રાઈમ બ્રાન્ચની છબી સુધારવી ખૂબ જ જરૂરીઃ આવા કાંડના આક્ષેપોથી શહેરીજનોમાં પોલીસનો મેસેજ શું જશે??

## તોડકાંડ અંગે ઉચ્ચ અધિકારીઓનું મૌન શું સુચવે છે?? તાત્કાલીક પગલા જરૂરી

## સાતડા ગામે ઘોડી પાસાનો જુગાર રમતા આરોપીને પકડીને કેસ કરીને પણ ૩૫ લાખથી વધુનો તોડ કર્યાની ચર્ચાએ પોલીસ બેડામાં પણ ખળભળાટ મચાવ્યો

## ક્રાઈમ બ્રાન્ચ પર અમુક કર્મીઓ તોડકાંડના લાછન લગાવતા હોવાથી અન્ય પોલીસ અધિકારીઓનું મોરલ ડાઉન!?

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૩૦

'રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ' આ નામને હવે લોકો અલગ નજરથી જોવા લાગ્યા છે. બહોળા પ્રમાણમાં લોકોને જો પુછવામાં આવે કે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ વિશે તમે શું કહેશો તો બધા દ્વારા એક જ મંતવ્ય આપવામાં આવે કે ના હવે ક્રાઇમ બ્રાન્ચ નથી તે ક્રિમ બ્રાન્ચ બની ગઇ છે!! આ થવા પાછળનું કારણ તેના કર્મીઓ જ જવાબદાર છે તે જગજાહેર છે જ. પો.કમિશનરે નિમણુંક બાદ ક્રાઇમ બ્રાન્ચની છબી સુધારવા અનેક પ્રયત્નો કર્યા પરંતુ કોઇ ખાસ અસર ન થઇ હોવાનું શહેરીજનો સ્પષ્ટ પણે માની રહ્યા છે. રાજકોટ પોલીસ ખુબ જ નિષ્ઠાપુર્વક અને ખંતથી કામગીરી કરી રહી છે જ તેમા કોઇ સવાલ જ નથી મોટા મોટા ડિટેકશનો ગણતરીના દિવસોમાં પુરા કરવામાં આવે છે તે ખરેખર ગર્વની વાત છે. પરંતુ અમુક ગણ્યા ગાઠયા કર્મીઓને જાણે તોડ કરવાનું વ્યસન થઇ ગયું હોય તેવી ચર્ચાઓ બજારમાં ધુમ મચાવે છે. આવા કર્મીઓ સમગ્ર પોલીસ પરીવારને લાંછન લગાડતા હોવાનું જાણકારોનું માનવું છે. ત્યારે તાજેતરમાં ટોક ઓફ ધ ટાઉન જે મુદો બન્યો છે તેની વાત કરીએ તો ક્રાઇમ બ્રાન્ચ ઉપર મોટા આક્ષેપો થઇ રહ્યા છે.એક સામાન્ય વાત તો સૌ કોઇ જાણતા જ હોય છે કે, કઇ થયા વિના કોઇના પર આક્ષેપ થઇ શકે નહીં. આક્ષેપ થાય છે. મતલબ કોઇ જગ્યાએ મલાઇ તારવવામાં આવી જ હોય તો જ શકય બને છે. હાલમાં ક્રાઇમ બ્રાન્ચના એક પીએસઆઇ કે.ડી.પટેલે ગત તા.૧૮ના રોજ કુવાડવા નજીકના સાતડા ગામે વાડીમાં ઘોડીપાસાનો પાટલો ચાલુ થયાની બાતમી પરથી દરોડો પાડી છ શખ્સોને પકડી લઇ દોઢ લાખની રોકડ કબ્જે કરી હતી. દરોડો પડતાં છ શખ્સો ભાગી ગયા હતાં.પરંતુ આ પકડાયેલા આરોપીને પકડીને પોલીસ સ્ટેશન લાવીને તમામ પાસેથી મલાઇ તારવવામાં આવી હતી અને એક પાસેથી ૩ લાખથી વધુનો તોડ કર્યાની ચર્ચાઓ ઉઠવા પામી છે. ત્યારે કુલ ૩૫ લાખથી વધુ રકમ ક્રાઇમ બ્રાન્ચના હોનહાર પીએસઆઇ પટેલે મેળવી હોવાના સમાચારો વાયુવેગે ચર્ચાઇ રહ્યા છે. અગાઉ પણ દારૂની બોટલો ઓછી બતાવવી, દારૂ ભરેલી એમ્બ્યુલન્સને તોડ કરીને જવા દેવી જેવા કાંડમાં પટેલનું નામ ઉછળ્યું હતું?! ત્યારે પીએસઆઇ પટેલની ટીમ હાલમાં પીઆઇની પણ ખાસ ટીમ બની ગઇ છે કારણકે કદાચ કમાઇને દેતી હશે માટે બની શકે.?!ક્રાઇમ બ્રાન્ચ પીએસઆઇ કે.ડી.પટેલની ટીમે આજ સુધીમાં અનેક તોડ કર્યાના આક્ષેપો સમયાંતરે થતા રહ્યા છે.પણ જેમાંથી ૫ થી ૬ તોડકાંડ બજારમાં ફરતા થયા હતા પરંતુ ઉચ્ચ અધિકારીઓને તેમા જ કદાચ રસ હશે?? તેવુ સ્પષ્ટ પણે કહી શકાય! કે.ડી.પટેલની ટીમ જુગારીઓ પાસેથી તોડ કરવો હોય, નામ ન ખોલવુ હોય કે મોટા દારૂના જથ્થાને ઓછો દેખાડીને કટકી કરવી હોય તેમાં માસ્ટર બની? ગયાનું ચર્ચાઇ છે. કે.ડી.પટેલની છાવરવામાં આવે છે તે વાત પણ જગજાહેર છે તો તેને કોના દ્વારા છાવરમાં આવે છે પોલીસ બેડા દ્વારા જ કે પછી કોઇ રાજકીય આકાઓનો હાથ છે તે જાણવુ ખૂબ જ જરૂરી બન્યું છેને તેની વિગતો પણ ટુંક સમયમાં બહાર આવી જ જશે તેવી શંકા નકારી શકાય નહીં!!

### એરપોર્ટ પોલીસની પણ ભૂંડી ભુમિકાઃ તપાસ થવી જરૂરી

રાજકોટઃ સમગ્ર મામલાનો કેસ કરીને આગળની તપાસ એરપોર્ટ પોલીસને સોંપવામાં આવી તો તેને પણ વધી ઘટી મલાઇ તારવી લેવામાં હાથ અજમાવ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. ક્રાઇમ બ્રાન્ચની તોડકાંડ ટીમે તોડ કરીને બાદમાં સમગ્ર કેસ આગળની તપાસ માટે એરપોર્ટ પોલીસને સોંપી દીધો હતો તો એરપોર્ટ પોલીસે તમામ આરોપીની ગાડીઓ છોડવા એક ગાડીએ ૫૦ હજાર લીધાનું જોરશોરથી ચર્ચાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.તેની પણ ડીસીપી દ્વારા તપાસ થવી જોઇએ તેવો ગણગણાટ શરૂ થયો છે.

### પીએસઆઇ ઉપર ક્યાં તોડના આક્ષેપો થયા તેનુ લીસ્ટ




## શહેર ક્રાઇમ બ્રાન્ચની એક ટીમને તાત્કાલીક નાથવી જરૂરી, નહીંતર આગળ જતા કડવો અનુભવનો સામનો કરવા તૈયાર રહેવુ પડશે જઃ ચર્ચા

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.